१

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મેં અનુભવથી જાણ્યું છે કે આ આત્મા મહા શક્તિશાળી છે, ચમત્કારી છે. કારણ કે એકલો જ સર્વલોક અલોકને અંતરમાં (જ્ઞાનમાં) સમાવી દે છે. ૧૭૮૫.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૪, ગાથા-૧૩)

● પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોના ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને ખરેખર પોતાથી જ તૃપ્ત છે, તે પુરુષ, જે વર્તમાનકાળે રમણીય છે અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ–સુખમય દશાંતરને પામે છે. ૧૭૮૬.(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૩૨)

● જેને ઈન્દ્રિયોનો ક્ષયોપશમ અતિશય તીવ્ર છે એવા ચક્રવર્તી આદિને નવ યોજન દૂરના સ્પર્શનું જ્ઞાન થાય છે. રસના-ઈન્દ્રિયથી નવ યોજન દૂર રહેલા રસને જાણે છે તથા નવ યોજન સ્થિત ઘ્રાણેન્દ્રિયના વિષયભૂત ગંધને જાણે છે તથા બાર યોજન દૂરના શબ્દનું જ્ઞાન થાય છે અને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ (૪૭૨૬૩) યોજનથી કંઈક અધિક દૂર રહેલ પદાર્થને ચક્ષુ-ઈન્દ્રિયથી જાણે છે. ૧૭૮૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પર્યાપ્તિ અધિકાર, ગાથા ૧૦૭-૧૦૮)

● હે ભોળા પ્રાણી ! તેં આ પર્યાય પહેલાં સર્વ કાર્ય 'अजाकृपाणीवत्' કર્યાં. કોઈ મનુષ્ય બકરીને મારવા માટે છરી ઈચ્છતો હતો અને બકરીએ જ પોતાની ખરીથી પોતાના નીચે દટાયેલી છરી કાઢી આપી. જેથી તે જ છરીથી તે મૂર્ખ બકરીનું મરણ થયું. તેમ જે કાર્યોથી તારો ઘાત થાય—બુરું થાય, તે જ કાર્ય તેં કર્યું—ખરેખર તું હેય-ઉપાદેયના વિવેકથી રહિત મૂર્ખ છે. ૧૭૮૮.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૦૦)

● સમ્યક્ત્વના મહાત્મ્યથી જ્ઞાન, તપશ્ચરણ, વ્રત, ઉપશમ, ધ્યાન વગેરે (પૂર્વે) મિથ્યારૂપ હોય તે પણ સમ્યક્ થઈ જાય છે અને તેના (સમ્યક્ત્વના) વિના એ બધાં ઝેર સહિતના દૂધની જેમ વૃથા છે, એમ જાણવું. ૧૭૮૯.

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૧ની ટીકામાંથી)

● ન કોઈ દેવ હૈ, ન કોઈ દૈવી હૈ, ન વૈદ્ય હૈ, ન કોઈ વિદ્યા હૈ, ન કોઈ મણિ હૈ, ન મંત્ર હૈ, ન કોઈ આશ્રય હૈ, ન કોઈ મિત્ર હૈ, ન કોઈ ઔર રાજા આદિ ઈસ તીન લોકમેં હૈ જો પ્રાણીયોંકે ઉદયમેં આયે હુએ કર્મકો રોક સકે. ૧૭૯૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૩૨)


વર્ષ–૧૪
અંક–૬




વિ. સંવત
૨૦૭૫
February
A.D. 2020

# શ્રી સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા અને અપૂર્વ ભક્તિ

श्री सीमंधरस्वामी दिगम्बर जिनमन्दिर






श्री शान्तिनाथ भगवान श्री सीमन्धरस्वामी श्री पद्मप्रभ भगवान

સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)ના વૈશાખ માસમાં રાજકોટ તથા ગિરનારના દર્શન કરી ગુરુદેવશ્રીનાં પુનિત પગલાં સોનગઢમાં થયા. ત્યાર પછી તુરંત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી સ્વાધ્યાયમંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું. જેમાં શ્રી સીમંધર ભગવાનના અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાંતિનાથ આદિ અન્ય ભગવંતોના ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭(ઈ.સ. ૧૯૪૧)ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠા મહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો. પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસ શ્રી સીમંધર ભગવાનના પ્રથમ દર્શને પૂજ્ય ગુરુદેવશ્રીની આંખોમાંથી આંસુ વહ્યા હતા. સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૭૩ ઉપર પ્રવચન)

## આસ્રવોથી છૂટવાની વિધિ

આસ્રવો અશુચિ, જડ ને દુઃખનું કારણ છે માટે તેનાથી નિવર્તવામાં લાભ છે—એમ નક્કી થયું ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે આસ્રવોથી છૂટવા જેવું જ છે પણ તેનાથી છૂટવાની વિધિ શું ? આસ્રવો અનાદિથી કરીયે તો છીએ પણ હવે તેનાથી છૂટવાની રીત શું છે ? ત્યારે આચાર્ય મહારાજ તેને તે વિધિ સમજાવે છે કે ભાઈ ! જેને આસ્રવોથી છૂટવું હોય તેણે પહેલા રાગમિશ્રિત વિચારદશામાં એમ નિર્ણય કરવો કે હું મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાવ એવો અનાદિ અનંત નિત્ય-ઉદ્યોતરૂપ અખંડ એક આત્મા છું. રાગાદિનો તો કર્તા નથી પણ નિર્મળ પર્યાય થાય તેનો પણ જે અકર્તા છે એવી ત્રિકાળી અનુભૂતિમાત્ર આત્મદ્રવ્ય તે હું છું. દયા-દાન આદિ કે ક્રોધાદિ જે શુભ-અશુભભાવો થાય તેનો સ્વામી તો પુદ્‌ગલ દ્રવ્ય છે, હું તેના સ્વામીપણે સદાય નહિ પરિણમનારો ને દર્શનજ્ઞાન વડે પરિપૂર્ણ છું—આમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં વિચારદશામાં નિર્ણય કરીને, ભગવાન આત્માના આશ્રયે એ વિકલ્પોને વમી નાખીને નિર્વિકલ્પ દૃષ્ટિ કરતાં, વિજ્ઞાનઘન થયો થકો, આસ્રવોથી નિવર્તે છે. આ વિધિએ અર્થાત્ પ્રથમ વિચારદશામાં આત્મસ્વરૂપનો નિર્ણય કરીને, પુરુષાર્થ વડે વિકલ્પ તોડીને, આત્માનું અવલંબન કરતાં આસ્રવોથી છૂટવું થાય છે.

હવે શિષ્ય કહે છે કે પુણ્ય-પાપના અશુચિભાવથી છૂટવાની વિધિ ને રીત શું છે ? પુણ્ય-પાપના ભાવ મલિન, જડ ને દુઃખરૂપ છે તો એ આસ્રવભાવથી નિવર્તવાની વિધિ શી છે ?—એમ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્ય ત્યાં સુધી તો આવ્યો છે કે આસ્રવથી નિવર્તવાથી લાભ છે, તેથી તેનાથી છૂટવાની વિધિ પૂછે છે, પરંતુ દયા-દાન આદિના આસ્રવોથી લાભ થાય છે માટે એ આસ્રવો કેમ થાય ?—એમ શિષ્યને થતું નથી. આસ્રવ કરવાનું તો અનાદિથી છે પણ હવે આસ્રવથી નિવર્તવાની વિધિ શું છે ?—એમ અંતરથી

> **સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ,**
> **એકદેશ અરુ સકલદેશ, તસુ ભેદ કહીજૈ;** —શ્રી છઢાળા

પ્રશ્ન આવ્યો છે. આસ્રવમાં પ્રવર્તવું છે કે આટલા વ્રત આદિ કરવા એ તો નથી, કેમ કે એ તો અનાદિથી છે પણ તેનાથી છૂટવાની વિધિ શું છે ?—એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. તેને અહીં ઉત્તર આપે છે. જેને અંતરમાં શુભાશુભ ભાવ દુઃખરૂપ છે એમ ખ્યાલમાં આવ્યું છે તેને તેનાથી નિવર્તવાની વિધિ શું છે એ સમજાવવા જિજ્ઞાસુને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે.

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું,
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

આ હું આત્મા પ્રત્યક્ષ છું, જ્ઞાનમાં પ્રત્યક્ષ છું, આત્મા પરોક્ષ રહે નહીં. હું આ પ્રત્યક્ષ અખંડ આત્મા છું—એમ પહેલાં વિકલ્પથી નિર્ણય કરવો. હું આ પ્રત્યક્ષ અને અખંડ અનંત જ્ઞાનમાત્ર જ્યોતિ આત્મા છું. અનંત એટલે કાળની વાત નથી પણ ભાવની વાત છે કે અનંત ભાવવાળો જ્ઞાનમાત્ર જ્યોતિ છું—આવો આત્મા હું અનાદિ છું. મારી શરૂઆત નથી ને ભવિષ્યમાં અંત નથી એવો અનાદિ અનંત છું. વર્તમાનમાં નિત્ય ઉદ્યોતરૂપ છું. કાયમ પ્રગટરૂપ છું. અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ વિજ્ઞાનઘન સ્વભાવપણાને લીધે હું એક છું. વિજ્ઞાનઘન છું માટે એક છું. વિજ્ઞાનઘન સ્વભાવપણાને કારણે ભેદ નથી તેથી એક છું.

આવો જે આત્મા છે તેમાં પરના કર્તા-કર્મ આદિ ષટ્કારકો નથી, રાગના ષટ્કારકો તેમાં નથી, ને જે એની નિર્મળ પર્યાય છે તેના ષટ્કારકોથી પણ પાર એવો આત્મા તે હું છું. નિર્મળ પર્યાયના ષટ્કારકોથી મારી ચીજ ભિન્ન છે. પરના કર્તાપણાની કે રાગના કર્તાપણાની વાત તો ક્યાંય રહી પણ નિર્મળ પર્યાયના ષટ્કારકોની પ્રક્રિયાથી ભિન્ન મારી ચીજ છે. જ્ઞાયકસ્વરૂપ અબદ્ધસ્વરૂપ આત્મા પર્યાયના ષટ્કારકોથી ભિન્ન છે. મોક્ષમાર્ગના ષટ્કારકો છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. મોક્ષમાર્ગની પર્યાયના એક સમયના ષટ્કારકોની પ્રક્રિયાથી પાર-ભિન્ન નિર્મળ અનુભૂતિ-ત્રિકાળી અનુભૂતિ, તે અનુભૂતિ-માત્રપણાને લીધે હું શુદ્ધ છું.

૩૮મી ગાથામાં નર-નારક આદિ જીવના વિશેષો તથા નવતત્ત્વના ભેદોથી જુદો હોવાથી શુદ્ધ છું એમ કહ્યું હતું. અહીં કર્તાકર્મ અધિકાર હોવાથી પર્યાયના ષટ્કારકોથી ભિન્ન છું માટે શુદ્ધ છું એમ કહ્યું છે. ષટ્કારકોનું પરિણમન છે તે પર્યાયમાં છે. તેનાથી

ત્રસહિંસાકો ત્યાગ, વૃથા થાવર ન સઁહારૈ,
પર-વધકાર કઠોર નિંદ્ય નહિં વચન ઉચારૈ. ૧૦. —શ્રી છઢાળા

પાર ઊતરેલી છે જે ત્રિકાળી નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્ર હોવાથી હું શુદ્ધ છું.

હવે મમત્વહીન છું—એ ત્રીજો બોલ કહે છે. પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે એમ પહેલાં વિકલ્પથી નિર્ણય કર. પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા ક્રોધાદિભાવો અનેકરૂપ છે. શુભાશુભભાવ એકરૂપ નથી, અનેકરૂપ છે. પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે અને હવે પછી હું, પુણ્ય-પાપના ભાવ થશે ખરા પણ, તેના સ્વામીપણે સદાય નહીં પરિણમનારો હોવાથી મમતારહિત છું. પુણ્ય-પાપનું સ્વામીપણું પુદ્‌ગલનું છે ને હવે પછી હું પુણ્ય-પાપના સ્વામીપણે સદાય નહીં પરિણમતો તેનાથી મમતારહિત છું. ભવિષ્યમાં પુણ્ય-પાપ થશે ખરા પણ એ મારા છે એવું સ્વામીત્વ નહીં રહે તેથી મમત્વહીન છું.

ભાઈ ! તારે પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંત ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું—એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

વળી કેવો છું ?—કે ચેતન ચેતનમાત્ર જ્યોતિ છું. એવા જ્ઞાનમાત્ર આત્માનું વસ્તુના સ્વભાવથી જ સામાન્ય ને વિશેષ વડે આખાપણું હોવાથી દર્શન ને જ્ઞાન વડે પરિપૂર્ણ છું. દર્શન ને જ્ઞાન વડે પરિપૂર્ણ હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. વસ્તુસ્વભાવ હોવાથી સામાન્ય ને વિશેષ વડે આખાપણું હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. વસ્તુના સ્વભાવથી સામાન્ય ને વિશેષ વડે પરિપૂર્ણ હોવાથી જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું—એમ, જેને આસ્રવોથી નિવર્તવું હોય તેણે અંદરમાં નિર્ણય કરવો.

આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું એટલે કે બીજાથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**જલ-મૃતિકા વિન ઔર નાહિં કછુ ગહૈ અદત્તા,**
**નિજ વનિતા વિન સકલ નારિસોં રહૈ વિરત્તા;** –શ્રી છઢાળા




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)

અહો! આત્મતત્ત્વની સાચી વાત સાંભળવા મળવી દુર્લભ છે. જેમ ગોળની ને અનાજ વગેરેની દુકાનો તો ગામમાં ઘણી હોય અને તેના લેનારા પણ ઘણા હોય, પરંતુ સાચા હીરાની દુકાન તો કોઈક જ હોય અને હીરા લેનારા પણ થોડા જ હોય. તેમ આ ચૈતન્યતત્ત્વની વાત મોંઘી છે. પુણ્ય વગેરેમાં ધર્મ માનવાની વાત તો જગતમાં સર્વત્ર ચાલે છે અને તે વાત માનનારા ઘણા જીવો હોય છે, પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વની વાત જગતમાં બધે હોતી નથી અને તેને સમજનારા પણ વિરલ જીવો હોય છે. જેને પોતાના આત્માનું હિત કરવું હોય—કલ્યાણ કરવું હોય ને અનંત જન્મમરણના દુઃખોથી છૂટીને મુક્તિ મેળવવી હોય તેને આવો આત્મસ્વભાવ સમજ્યે જ છૂટકો છે. પોતાના સહજ શુદ્ધ આત્માને સમજીને—શ્રદ્ધીને તેમાં ઠરવું તે જ મુક્તિનો ઉપાય છે.

જેઓ આત્મતત્ત્વને નથી સમજ્યા એવા અજ્ઞાની જીવોને સમજાવવા માટે આચાર્યદેવે પ્રયત્ન કર્યો છે; માટે મને ન સમજાય એમ માનીને સત્‌નો પ્રયત્ન છોડી દેવો નહિ.

કેટલાક અજ્ઞાની જીવો એમ માને છે કે બધાના અધિષ્ઠાન—(—આધાર)રૂપે કોઈ મહાન શક્તિવાળો ઈશ્વર છે. તેઓની તે માન્યતા ખોટી છે. હે ભાઈ, તારા સ્વભાવથી જુદો કોઈ તારો અધિષ્ઠાતા નથી. તારો ત્રિકાળી સ્વભાવ અનંત શક્તિવાળો ઈશ્વર છે તે જ તારી કેવળજ્ઞાનાદિ સર્વ અવસ્થાઓનો અધિષ્ઠાતા છે. શુદ્ધ કારણપરમાત્મા જ આદરણીય છે, ક્ષાયિકભાવ પણ આદરણીય નથી તો પુણ્યપરિણામ તો ક્યાંય રહ્યા અને પાપપરિણામની તો વાત જ શી! અને શરીરની ક્રિયાથી ધર્મ થાય એ વાત તો ક્યાંય ને ક્યાંય ઊડી ગઈ. 'સ્વાત્માનુભવ-મનન'માં તો કહ્યું છે કે—જેને જ્ઞાની-અજ્ઞાની કે કેવળજ્ઞાની પણ ન જાણી શકે એવો હું છું જો કે જ્ઞાની અને કેવળજ્ઞાની તો શુદ્ધકારણ-પરમાત્માને જાણે છે, પરંતુ તે જ્ઞાનીદશા કે કેવળજ્ઞાનદશામાં આખો આત્મા આવતો

> **અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ,**
> **દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧.** –શ્રી છઢાળા

નથી, માટે 'તેઓ આત્માને જાણતા જ નથી' એમ કહીને ત્રિકાળીસ્વભાવ કારણ–સમયસારનો મહિમા કર્યો છે. અખંડાનંદસ્વરૂપ પરિપૂર્ણ નિરપેક્ષતત્ત્વ કારણ-પરમાત્મા હું છું અને એ જ મારે ઉપાદેય છે—આવી શ્રદ્ધા કરવી, જ્ઞાન કરવું ને તેમાં લીન થવું તે શુદ્ધભાવ છે ને તે મોક્ષનો ઉપાય છે.

આ નિયમસાર—શાસ્ત્ર વંચાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તે જ નિયમસાર છે, તે જ અવશ્ય કરવાયોગ્ય કર્તવ્ય છે.

આ આત્મા અનાદિથી છે, નવો નથી. અનાદિકાળથી તેનો કદી મોક્ષ થયો નથી. જો પૂર્વે કદી મોક્ષ થયો હોય તો અત્યારે આ સંસાર ન હોત. જીવ પોતાના અશુદ્ધભાવથી બંધાયેલો છે, કર્મે તેને બાંધ્યો નથી. જીવનો સ્વભાવ પુણ્ય-પાપરહિત શુદ્ધ જ્ઞાયક છે; તે સ્વભાવને ન માનતાં વિકારને પોતાનું કર્તવ્ય માનવું તે અશુદ્ધભાવ છે, ને તે અશુદ્ધભાવથી જ જીવ બંધાયો છે. શરીર-મન-વાણી કે આઠ કર્મો તો જડ છે, આત્મા વસ્તુ તેનાથી જુદી છે. એ શરીરાદિ પર પદાર્થો મારાં અથવા હું તેનું કાંઈ કરી શકું એવી માન્યતા તે સ્થૂળ મિથ્યાત્વ છે; અને આત્માના પર્યાયમાં ક્ષણે ક્ષણે જે પુણ્ય-પાપની લાગણી થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે પણ મિથ્યાત્વ છે. પોતાના મૂળ ચૈતન્યસ્વરૂપના અભાને, એ મિથ્યાત્વને લીધે જ જીવ અનાદિકાળથી બંધાયેલો છે. પોતાના આત્માને કેવા સ્વભાવે ઓળખવાથી શુદ્ધભાવ પ્રગટે અને બંધન ટળે—તે શ્રીઆચાર્યદેવ બતાવે છે.

આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધસ્વરૂપી છે; કોઈ પણ પુણ્ય-પાપની લાગણીને જે પોતાનો સ્વભાવ માને તે જીવને પોતાના સ્વભાવની ખબર નથી. ભલે જિનશાસનની ભક્તિ-પૂજા, સ્વાધ્યાય વગેરે શુભપરિણામો કરતો હોય, પરંતુ જેને પોતાના ત્રિકાળી સ્વરૂપની ખબર નથી તે જીવને ધર્મ થતો નથી.

પાપ અને પુણ્ય એ બંનેથી જુદું પોતાનું સ્વરૂપ છે તેને ન જાણ્યું અને પુણ્ય-પાપ એ જ મારું કર્તવ્ય એમ માન્યું, તે ઊંધી માન્યતાથી જ જીવ બંધાયો છે. દયા-દાન-પૂજા-ભક્તિના પરિણામ તે બધા શુભરાગભાવ છે અને હિંસા-ચોરી વગેરેના પરિણામ તે અશુભભાવ છે; એ બંને વિકારીભાવો છે, તેનાથી આત્માને કાંઈ લાભ નથી.

પુણ્યભાવથી આત્માનો ધર્મ ઉઘડે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય તો વિકાર છે, ને ધર્મ વિકારરહિત આત્માનો સ્વભાવ છે. આત્માના શુદ્ધ એકરૂપ સ્વભાવને

તાહૂમેં ફિર ગ્રામ ગલી ગૃહ બાગ બજારા,
ગમનાગમન પ્રમાણ ઠાન, અન સકલ નિવારા; –શ્રી છઢાળા

સમજ્યા વગર પુણ્યને ધર્મ માની લેવો તે મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને લીધે જીવ અનંત સંસારમાં રખડે છે. અનંતવાર પૂજા-ભક્તિ કરી, અનંતવાર વ્રત-તપ કર્યા અને તેના ફળમાં અનંતવાર સ્વર્ગમાં ગયો, પણ તેનાથી આત્માને જરાય ધર્મ કે સુખ થયું નથી.

આત્માનો ત્રિકાળ એકરૂપ સહજચૈતન્યસ્વભાવ છે. એની શ્રદ્ધા કરવી તે ત્રિકાળી સત્યનો આદર છે; અને 'હું જડ પદાર્થોનું કાંઈ કરી દઉં કે પુણ્યથી આત્માને ધર્મ થાય' એવી ઊંધી શ્રદ્ધામાં ત્રિકાળી જૂઠાપણાનો આદર છે, તે જ અધર્મ છે. ધર્મી જીવના અભિપ્રાયમાં આદર કરવાયોગ્ય શું છે ને છોડવાયોગ્ય શું છે તે આ ગાથામાં આચાર્યદેવ બતાવે છે.

જે જીવ પરને લીધે આત્માને બંધન માને છે તે તો મહામિથ્યાદૃષ્ટિ છે. કોઈ જીવ 'મારી પર્યાયમાં મારા દોષના કારણે જ બંધન થાય છે. પરના કારણે મને બંધન થતું નથી'—એમ માને, પરંતુ તે ક્ષણિક બંધભાવને જ માન્યા કરે ને બંધનરહિત પોતાના ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા ન કરે તો તેને ધર્મ થાય નહિ. હું સહજ કારણપરમાત્મા છું, એકરૂપ શુદ્ધ જ્ઞાયક છું, પુણ્ય-પાપ મારામાં નથી, ઈન્દ્રિય-મનથી પાર છું અને રાગાદિથી પણ પાર છું—એમ પોતાના સ્વભાવની ઓળખાણ કર્યા વગર અનંતકાળ સુધી વ્રત-તપ કરીને સૂકાઈ જાય તોય આત્માની શાંતિ જરાય થાય નહિ અને જન્મ-મરણનો અંત આવે નહિ. તેથી શુદ્ધ આત્મસ્વરૂપ બતાવીને આચાર્યદેવકહે છે કે, અત્યંત આસન્ન ભવ્ય જીવોને આવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ પણ ઉપાદેય નથી.

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ મૂળ સૂત્રકર્તા છે અને શ્રીપદ્મપ્રભમલધારિ મુનિરાજ ટીકાકાર છે; તેઓ નિર્ગ્રંથ સંત હતા, મુખ્યપણે તો આત્મસ્વરૂપના અનુભવમાં લીન રહેતા હતા. ત્યાં શુભ વિકલ્પ ઊઠતાં આ ટીકાની રચના થઈ ગઈ છે. અહો, કેટલી અદ્‌ભુત ટીકા થઈ છે ! મુનિરાજને અંતરમાં ભાન છે કે આ શબ્દો લખવાની ક્રિયા જડની છે અને જે શુભ વિકલ્પ ઊઠ્યો છે તે મારું સ્વરૂપ નથી તેમજ તે મારા ધર્મને મદદગાર નથી. ટીકાના વાચ્યરૂપ શુદ્ધાત્માનો વારંવાર નિર્વિકલ્પ અનુભવ પોતે કરે છે. નિસ્પૃહ કરુણાબુદ્ધિથી કહે છે કે—અરે પ્રાણીઓ ! આત્માનો શુદ્ધ સ્વભાવ સમજ્યા વગર અનંતકાળમાં બીજા બધા ભાવો કર્યા છે; એ કોઈ ભાવો ઉપાદેય નથી. આત્માનો નિશ્ચયસ્વભાવ જ ઉપાદેય છે, એમ તમે શ્રદ્ધા કરો.

નિશ્ચય શું અને વ્યવહાર શું તે જીવે કદી જાણ્યું નથી. આત્માનો ત્રિકાળી શુદ્ધ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**કાહૂકી ધનહાનિ, કિસી જયહાર ન ચિન્તૈ,**
**દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ-કૃષીતૈં. ૧૨. –શ્રી છઢાળા**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, આ જ પ્રમાણે જીવ પણ જીવ ઉપર ઉપકાર કરે છે, એમ કહે છે–

**जीवा वि दु जीवाणं, उवयारं कुणदि सव्वपच्चक्खं ।**
**तत्थ वि पहाणहेऊ, पुण्णं पावं च णियमेण ।।૨૧૦।।**

અર્થ : જીવ પણ જીવને પરસ્પર ઉપકાર કરે છે, તે બધાને પ્રત્યક્ષમાં જ છે. સ્વામી–સેવકનો; સેવક–સ્વામીનો; આચાર્ય–શિષ્યનો; શિષ્ય–આચાર્યનો; પિતા-માતા–પુત્રનો; પુત્ર–પિતા-માતાનો; મિત્ર-મિત્રનો; સ્ત્રી-પતિનો ઉપકાર કરે છે આદિ પ્રત્યક્ષ દેખવામાં આવે છે. આ એકબીજાના ઉપકારમાં પુણ્ય-પાપકર્મ નિયમથી મુખ્ય કારણ છે.

હવે, અહીં કહે છે કે એક જીવ પણ બીજા જીવ પ્રત્યે ઉપકાર કરે છે એટલે કે નિમિત્ત થાય છે.

ગુરુ-શિષ્ય ઉપર ઉપકાર કરે છે એટલે કે શિષ્યને સમજાવવામાં ગુરુ નિમિત્ત છે– આમ જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. એક જીવે બીજા જીવને બચાવ્યો; એક જીવે બીજા જીવને માર્યો—આ બધા કથનો પરસ્પર નિમિત્તપણું બતાવવા માટે છે. તેનું પ્રયોજન નિમિત્ત છે, બસ આટલું સિદ્ધ કરવું છે. નિમિત્તે ઉપકાર કર્યો આમ ક્યારે કહેવાય ? જ્યારે નૈમિત્તિક પર્યાય થઈ, ત્યારે એટલે કે નૈમિત્તિક કાર્યના સમયે બીજું નિમિત્ત હોય છે–એમ સમજવું જોઈએ. એક-બીજામાં એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ છે, માટે એક-બીજાને કાંઈ કરતાં નથી. શિષ્યને સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થઈ તે તેના સ્વકાળની પર્યાયથી થઈ છે, ત્યારે આચાર્યને નિમિત્ત કહેવામાં આવે છે. આ પ્રમાણે વૈયાવૃત્ય આદિમાં શિષ્ય પણ આચાર્યને નિમિત્ત હોય છે.

માતા-પિતાએ પુત્ર ઉપર ઉપકાર કર્યો; મિત્રે મિત્ર ઉપર ઉપકાર કર્યો–આ બધા નિમિત્તના કથનો છે. જગતમાં નિમિત્ત છે પરંતુ નિમિત્તના કારણે કાર્ય થાય છે–એમ નથી. જગતમાં એક જીવ બીજા જીવના સુખ-દુઃખ આદિમાં નિમિત્ત થાય છે પરંતુ ક્યારે ? જ્યારે સામાવાળા જીવને તેના પુણ્ય-પાપની યોગ્યતાથી તેવો સંયોગ પ્રાપ્ત થાય,

**કર પ્રમાદ જલ ભૂમિ વૃક્ષ પાવક ન વિરાધૈ,**
**અસિ ધનુ હલ હિંસોપકરણ નહિં દે યશ લાધૈ,**　　　　–શ્રી છઢાળા

ત્યારે બીજા જીવને તેમાં નિમિત્ત કહેવામાં આવે છે.

સુખ-દુઃખ આદિમાં પુણ્ય-પાપકર્મ મુખ્ય નિમિત્તકારણ છે અને તે જ માતા-પિતા, શત્રુ-મિત્ર આદિ જીવોને ઉપકાર કે નિમિત્ત થાય છે. સામાવાળા જીવના પુણ્ય-પાપના ઉદય વગર કોઈપણ જીવ અન્યને નિમિત્ત થઈ શકતો નથી. બીજા જીવને આહારાદિ મળવાનો પુણ્યયોગ ન હોય ત્યારે અન્ય જીવ તેને આહારાદિમાં નિમિત્ત થઈ શકતા નથી; માટે પુદ્‌ગલકર્મ મુખ્ય કારણ છે.

જુઓ, અહીં નિમિત્તરૂપે મુખ્ય કારણ કોણ છે?—આમ બતાવવું છે પણ નિમિત્તની મુખ્યતાથી જીવનું કાર્ય થયું—એમ નથી. કાર્ય તો સર્વત્ર ઉપાદાનની મુખ્યતાથી જ થાય છે. પરંતુ તેના અન્ય નિમિત્તોમાં મુખ્ય નિમિત્ત કોણ છે? અહીં આ બધાની ઓળખાણ કરાવવામાં આવી છે. જીવને આહાર પ્રાપ્ત થયો, તેમાં મુખ્ય નિમિત્ત તેના પૂર્વનું પુણ્યોદય છે—આમ કહીને પુદ્‌ગલમાં નિમિત્ત થવાની શક્તિ છે, આમ બતાવ્યું. નિમિત્ત કોને હોય છે? જેના ઉપાદાન કારણમાં આવી યોગ્યતા હોય, તેને જ નિમિત્ત હોય છે, ઉપાદાન વિના નિમિત્ત કોનું થશે?

હવે, પુદ્‌ગલની પણ મોટી શક્તિ છે, એમ કહે છે—

**का वि अपुव्वा दीसदि, पुग्गलदव्वस्स एरिसी सत्ती।**
**केवलणाणसहाओ, विणासिदो जाइ जीवस्स ॥२११॥**

અર્થ :—પુદ્‌ગલદ્રવ્યની પણ કોઈ એવી અપૂર્વ શક્તિ જોવામાં આવે છે કે જીવનો કેવળજ્ઞાન સ્વભાવ છે તે પણ જે શક્તિથી વિણસી જાય છે.

ભાવાર્થ :—જીવમાં અનંત શક્તિ છે તેમાં કેવળજ્ઞાનશક્તિ એવી છે કે જેના પ્રગટ થવાથી આ જીવ પ્રત્યેક પદાર્થને એક કાળમાં જાણી લે છે. આવા પ્રકાશને પુદ્‌ગલ નાશ કરે છે—પ્રગટ થવા દેતું નથી. એ અપૂર્વ શક્તિ છે. એ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્યનું નિરૂપણ કર્યું.

જુઓ, જીવનો ઉત્કૃષ્ટ સ્વભાવ, કેવળજ્ઞાન છે. તે જ્યારે પોતાની યોગ્યતાથી આવરાય છે, ત્યારે તે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત થવાની ઉત્કૃષ્ટશક્તિ પુદ્‌ગલ-દ્રવ્યમાં છે. પુદ્‌ગલદ્રવ્યે જીવની કેવળજ્ઞાનની શક્તિનો ઘાત કર્યો—આ વ્યવહારનું કથન છે. હકીકતમાં એમ નથી. જીવ પોતાના અપરાધથી કેવળજ્ઞાનને અવિરૂદ્ધ થયો છે અને પુદ્‌ગલમાં એવી શક્તિ છે કે જીવને કેવળજ્ઞાનના આવરણમાં તે નિમિત્ત થાય છે. આના સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં એવી શક્તિ નથી કે તે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત હોય.

**રાગદ્વેષ-કરતાર, કથા કબહૂં ન સુનીજૈ,**
**ઔર હુ અનરથદંડ, હેતુ અઘ તિન્હૈં ન કીજૈ. ૧૩. –શ્રી છઢાળા**

જીવે પોતે પોતાના ષટ્કારકોથી જ્ઞાનપર્યાયને હીન કરી છે, માટે કેવળજ્ઞાન આવરાય થયો છે, આ યથાર્થ વસ્તુસ્થિતિ છે અને તે સમયે સામે પુદ્ગલકર્મ કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત હોય—એવું ઉત્કૃષ્ટ પરિણમન છે. આ તેનું સ્વતંત્ર પરિણમન છે. ત્યારે તે કેવળજ્ઞાનાવરણીય કર્મે જીવના કેવળજ્ઞાનનો ઘાત કર્યો—એમ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. માટે વ્યવહારથી કથન છે.

જીવને ઉત્કૃષ્ટ પરિણામ થવાથી કેવળજ્ઞાન થાય છે—જીવની એવી ઉત્કૃષ્ટ શક્તિ છે અને કેવળજ્ઞાન પ્રગટ ન થવામાં નિમિત્ત થાય—એવી ઉત્કૃષ્ટ શક્તિ પુદ્ગલકર્મની છે. આ પ્રમાણે કહીને જીવ અને પુદ્ગલ બંનેના સ્વભાવનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ કર્મ જીવના ગુણો-નિર્મળ પર્યાયોનો ઘાત કરે છે—એવો આ કથનનો અર્થ નથી. જીવને પોતાના અપરાધથી જ્ઞાનનો ઘાત થાય છે, ત્યારે તેમાં નિમિત્ત થવાની યોગ્યતા પુદ્ગલમાં છે.

એક જીવ, બીજા જીવનો ઉપકાર કરે છે, તેમાં પૂર્વના પુણ્યનું નિમિત્ત છે; બાહ્યમાં અનુકૂળ સાધન પુણ્ય વગર મળતા નથી. માતા-પિતા, પુત્રની સેવા કરે છે તો તેમાં માતા-પિતાએ ઉપકાર કર્યો—એમ કહેવામાં આવે પણ ત્યાં મુખ્ય નિમિત્ત તો પુત્રના પુણ્યનો ઉદય છે. આ પ્રમાણે ગુરુ-શિષ્યમાં, માલિક-નોકરમાં પણ પૂર્વનું પુણ્ય જ મુખ્ય નિમિત્ત છે. ત્યાં પુણ્યને મુખ્ય નિમિત્ત કહ્યું છે, તે બાહ્ય અન્ય જીવોની અપેક્ષાએ તેની મુખ્યતા બતાવવા માટે કહ્યું છે પરંતુ ઉપાદાનથી વધારે તેની મુખ્યતા નથી. કાર્ય તો ઉપાદાનથી જ થાય છે એટલે ઉપાદાન જ મુખ્ય હેતુ છે પણ તે સમયે નિમિત્તમાં મુખ્ય નિમિત્ત ક્યું છે ? તે બતાવવા માટે પૂર્વ કર્મને મુખ્ય નિમિત્ત કહ્યું છે—એમ સમજવું જોઈએ. આ પ્રમાણે તે તો જીવની વાત થઈ.

હવે, પુદ્ગલદ્રવ્યમાં પણ એવી શક્તિ છે કે જીવ પોતે કેવળજ્ઞાન પ્રગટ નથી કરી શકતો તો કેવળજ્ઞાન ન થવામાં પુદ્ગલદ્રવ્ય નિમિત્ત થાય છે. નિમિત્તરૂપે પુદ્ગલનું ઉત્કૃષ્ટ પરિણમન થયું છે, તે ત્યાં બતાવવું છે. પરંતુ કોઈપણ કર્મના કારણે જીવની દશા હલકી થાય છે—એમ નથી. હકીકતમાં વસ્તુ પોતાના કાળાદિ લબ્ધિસહિત જ છે. એટલે કે પદાર્થો પોતાની કાળાદિ લબ્ધિથી પરિણમન કરે છે, તેને રોકવામાં કોઈ સમર્થ નથી અને અન્ય કોઈ તેના પરિણમનનો કર્તા નથી. (ક્રમશઃ)

*

**ધર ઉર સમતાભાવ, સદા સામાયિક કરિયે,**
**પરવ ચતુષ્ટયમાહિં, પાપ તજ પ્રોષધ ધરિયે; –શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા ૮ ઉપર પ્રવચન નં. ૬)

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આત્મા તો અમૂર્ત છે, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વિનાનો અરૂપી વિજ્ઞાનઘન પ્રભુ છે ને કર્મ તો મૂર્ત છે, એ કર્મો દ્વારા આત્માનું હણાવું કેમ થાય છે ?—તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે નશો ઉત્પન્ન કરનાર કોદ્રવ ખાવાથી જેને નશો ઉત્પન્ન થયો છે તે ઘટપટાદિના સ્વભાવને જાણતો નથી, તેમ અજ્ઞાની જીવ જાણનાર જ્ઞાનસ્વરૂપી આત્મા છે એમ સ્વભાવને નહીં જાણતો થકો રાગાદિ પર પદાર્થ મારા છે એવી માન્યતાથી પરપદાર્થને જોવે છે—એ જ એની મૂઢતા ને દુઃખનું કારણ છે.

ભગવાન આત્મા ને એનો જ્ઞાનસ્વભાવ અમૂર્ત છે છતાં પોતાને કારણે પોતાને ભૂલીને કર્મના ઉદયના સંગે જોડાઈ જઈને પોતે હણાઈ જાય છે. કર્મના લક્ષે ચઢેલો જીવ પોતાની નિર્મળ પર્યાયને ભૂલી જાય છે એટલે કે ભ્રમણાને ઊભી કરે છે અને તે જ ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

ભગવાન આત્મા પોતાના આનંદના પાકને ભૂલી જઈને, મોહકર્મના ઉદયના પાકમાં જોડાઈને પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને જાણતો નથી, વિકારીભાવ દુઃખરૂપ છે તેમ તેના ભાવને જાણતો નથી, શરીરાદિ પર પદાર્થ તેના કારણે ટકીને બદલી રહ્યા છે એમ તેના સ્વભાવને જાણતો નથી.

આત્માની ભ્રાંતિના ઉદયથી પોતાની નજર સ્વસન્મુખ ન કરતાં જે ચીજ ઉપેક્ષા કરવાલાયક છે, તેની અપેક્ષામાં જોડાઈ જઈને પોતાનો ને પરનો વાસ્તવિક સ્વભાવ જીવ જાણી શકતો નથી.

वपुर्गृह धनं दाराः, पुत्रा मित्राणि शत्रवः ।
सर्वधान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते ।।८।।

તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર, અરિ, પુત્રાદિ સહુ અન્ય,
પરભાવોમાં મૂઢ જન, માને તેહ અનન્ય. ૮.

શરીર જડ સ્વભાવને લઈને છે, આત્માને લઈને નથી. શરીરનો તો અચેતન

ભોગ ઔર ઉપભોગ, નિયમકરિ મમત નિવારૈ,
મુનિકો ભોજન દેય ફેર નિજ કરહિ અહારૈ. ૧૪. –શ્રી છઢાળા

સ્વભાવ છે ને તારો ચેતનસ્વભાવ છે. માટે અચેતન સ્વભાવથી પરની ક્રિયા ને દશા થતાં હું એને કરું છું; તે અન્ય સ્વભાવી ચીજ મને સુખરૂપ થાય એ માન્યતા દુઃખરૂપ છે. પોતાનો અનેરો સ્વભાવ હોવાને કારણે શરીર-જડ-માટી તારાથી જુદું છે. શરીરના પોતાનો સ્વભાવથી તેમાં રોગ—નીરોગતા, હાલવું, ચાલવું છે. પરંતુ મૂઢ પ્રાણી મોહકર્મની જાળમાં ફસાઈને એટલે કે આત્મામાં રહીને નહીં પણ મોહમાં ફસાઈને તેને—શરીરને આત્મા સમાન માને છે.

શરીરને ઠીક હોય તો આપણને ઠીક પડે, મૂઢ છો, એને એક માને છે ? શરીરમાં અનુકૂળતા નથી—એમ માનવું તેનો અર્થ જ બેને એક માની રહ્યો છે. જે તારા સ્વભાવે નથી એવા શરીરાદિથી મને સુખ-દુઃખ છે અથવા એ મારા છે—એ તો તારી મૂઢ માન્યતા છે, કેમ કે શરીર ને આત્મા વચ્ચે સ્વભાવભેદ છે ને તું બેને એક માને છે !—એ તારી મૂઢતા જ તને દુઃખનું કારણ છે.

એ રીતે મોટા મોટા બંગલા, ફર્નિચર હોય—અરે ! અહીં અમને તો એ ઘરવખરો જોઈને એમ વિચાર આવે છે કે એ જીવને આ બંગલા—ઘરવખરા છોડીને જતાં બહું આકરું પડશે ! બાપુ ! અન્ય સ્વભાવવાળી, અન્ય પર્યાયવાળી અન્ય વસ્તુનું તારે શું કરવું છે ને શું માનવું છે ? ભાઈ ! મોહનીય કર્મની જાળમાં ફસાઈને અન્ય સ્વભાવવાળાને મારા માની રહ્યો છો !

ભાઈ ! તારી જાત જુદી છે, તું ચૈતન્યઆનંદનો નાથ છો ને શરીરાદિ જડસ્વભાવી છે. એ બે સમાન શી રીતે થશે ? એને મારા તું શી રીતે માની શકે છે ? ઘર-મકાન આદિ પર સ્વભાવવાળી, પરકાર્યવાળી પર ચીજ છે તેને પોતાની માનવી એટલે કે બે એક છે એમ માનવું તેનો અર્થ બે સમાન છે—એમ માનવું—એ મોહની જાળમાં ફસાયેલ મૂઢ જીવની માન્યતા છે.

ઘરની જેમ ધન પણ અન્ય સ્વભાવવાળી ચીજ છે તેને અજ્ઞાની ૧૧મો પ્રાણ માને છે. અજ્ઞાની મોહમાં ફસાયેલો મૂઢ જીવ લક્ષ્મીને પોતાની માને છે ને એમ માનતો થકો મિથ્યાત્વને સેવીને દુઃખી થઈ રહ્યો છે, માટે તારું એ માનવું છોડી દે—એમ અહીં કહેવાય છે. (ક્રમશઃ)

❋

બારહ વ્રત કે અતીચાર, પન પન ન લગાવૈ,
મરણ-સમૈ સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ; –શ્રી છઢાળા



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

શુભભાવ તે પુણ્ય છે, તે બંધનું કારણ છે, પણ ધર્મનું કારણ નથી. રાગરહિત મારો સ્વભાવ આનંદ સંપદાનું સ્થાન છે, એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે. જેની શ્રદ્ધા-લીનતા કરી અનંતા મુનિઓ ભવપાર પામ્યા છે. જ્ઞાનીને પંચમહાવ્રતના વિકલ્પ આવે છે પણ તેને શ્રદ્ધામાં હેય માને છે. જે મુનિનામ ધરાવી પાંચ મહાવ્રતને નિશ્ચયથી ઉપાદેય માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભાન વિના નગ્ન થાય ને જંગલમાં જાય તોપણ કાંઈ માલ નથી. હું અમૃતઆનંદનો કુંડ છું એવો અનુભવ કરી સંતો ભવને પાર પામ્યા છે. કોઈ ક્રિયાથી કે વ્રતથી ભવનો પાર પામતો નથી. મુનિઓ ૨૮ મૂળગુણનું સેવન વ્યવહારથી કરે છે પણ તે તો રાગ છે, તેનું નિશ્ચયથી સેવન કરતા નથી પણ સ્વરૂપનું સેવન કરે છે. આમ સાચી દૃષ્ટિ નથી અને પોતા માટે કરેલો આહાર લ્યે તો તેનો નિશ્ચય-વ્યવહાર એકે સાચો નથી.

હું આહાર લઈ શકું છું કે છોડી શકું છું—એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. મુનિદશામાં શરીર નગ્ન થઈ જાય છે, ૨૮ મૂળગુણના વિકલ્પ આવે છે પણ તેના સ્વામી નથી. વ્યવહાર આવે છે પણ વ્યવહારથી વીતરાગી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેની દૃષ્ટિ ખોટી, પ્રરૂપણા ખોટી, વ્યવહાર ખોટો તે બધા મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે. ચારે અનુયોગનો સાર એ છે કે એકવાર જ્ઞાનાનંદ સ્વભાવના સ્વાદમાં મગ્ન થાય તો વિષય-કષાય આદિ રાગ-દ્વેષમાં કદી પણ ઉપાદેય દૃષ્ટિ ન દ્યે. સર્વ શાસ્ત્રોનો સાર આ છે કે રાગરહિત આત્માની દૃષ્ટિ ને અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. મુનિઓનું ચિહ્ન અથવા લક્ષણ સ્વરૂપસમાધિ છે. કેટલાક ૐ બોલી સમાધિ લગાવે છે તે સમાધિ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી તેને સ્વરૂપ સમાધિ નથી. વળી મુનિનું લક્ષણ નગ્ન શરીર કે મોરપીંછ કહ્યું નથી. જ્ઞાનાનંદમાં લીન થવું તે સ્વરૂપસમાધિ છે, તે મુનિનું એંધાણ છે. આવા એંધાણથી પીછાણવા. આવા સ્વરૂપમાં એકાગ્ર થવાથી મુનિઓને રાગ થતો નથી. આકાશને ફૂલ નથી તેમ સંતોને વિકાર થતો નથી. તેઓ તો આનંદકંદનો અનુભવ કરે છે.

**મુનિ સકલવ્રતી બડભાગી, ભવ-ભોગનતૈં વૈરાગી;**
**વૈરાગ્ય ઉપાવન માઈ, ચિંતૈ અનુપ્રેક્ષા ભાઈ. ૧.** —શ્રી છઢાળા

ચૈતન્યવિલાસનું જ્ઞાન કરી તેને ઓળખે, તે સિવાય લક્ષ્ય-લક્ષણ લખવામાં (જાણવામાં) આવી શકે તેમ નથી. લક્ષ્ય આત્મા છે ને લક્ષણ જ્ઞાન ને આનંદ છે. જ્ઞાન ને આનંદથી આત્મા જણાય તેમ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેમ ઓળખવાથી સુખ થાય. સ્વાદનું નામમાત્ર જાણ્યે અનુભવ ન થાય.

આત્મા સહિત વિશ્વ એટલે છ દ્રવ્ય વ્યાખ્યા કરવા લાયક છે. વ્યાખ્યા વાણીની રચના છે ને વ્યાખ્યા કરવાવાળો તે વ્યાખ્યાતા છે. તે બધો વિકલ્પ છે. આત્મા આવો છે, તેવો વિકલ્પ પણ રાગ છે. વાણીની રચનામાં આત્મા નથી. વ્યાખ્યાન કરનાર છું એવી માન્યતા પણ આત્મામાં નથી. છ દ્રવ્યોની વિકલ્પસહિત વ્યાખ્યા કરવી તે મોહનો વિકાર છે, તે સમ્યગ્દર્શનનો વિષય નથી. માટે તારા ચિદાનંદ આત્માને જો. પાઠ મેળવતાં આવડે કે વ્યાખ્યા ન કરતાં આવડે તેમાં કાંઈ માલ નથી. આટલી ભાષા ન આવડી, પાઠ મેળવતાં ન આવડ્યો તે બધો બાહ્યનો મહિમા છે. કોઈ જીવ હજારો માણસમાં સારું વ્યાખ્યાન કરતો હોય તો તેવો વ્યાખ્યાન કરનારો થાઉં તો ઠીક—એમ અજ્ઞાની ભાવના ભાવે છે. તારે શું જોઈએ છે ? ચૈતન્યસંપદા તારી પાસે છે તેની રુચિ છોડી આ ભાવના બેકાર છે, આત્મા માટે લાભદાયક નથી. પુસ્તક વાંચતાં આવડે ને જવાબ દેતાં આવડે, એક કલાક વ્યાખ્યાન વાંચતાં આવડે તો ન્યાલ ન્યાલ થઈ જાય એમ અજ્ઞાની માને; વ્યાખ્યાનના સ્થાન ઉપર બેઠા હોઈએ, મધુર કંઠ નીકળતો હોય—એવી ભાવના મિથ્યાદૃષ્ટિ ભાવે છે. તારી સંપદા તારામાં છે. ભાષા સારી ન હોય, પુસ્તકો કરતાં ન આવડે, તેનો કાંઈ વાંધો નથી, તેથી કલ્યાણ રોકાતું નથી.

લાખો માણસને સમજાવે. કરોડ પુસ્તક બનાવે અથવા મોટો વ્યાખ્યાન કરનાર હોય પણ તેથી આકુળતા મટતી નથી. અંતર સમ્યગ્જ્ઞાન-કળા છે. તેને ચૈતન્ય સાથે એકમેક કર. આવી વાણી બોલવી, આવા રાગ શીખવા તે મિથ્યાભાવના છે, તે જડ છે, તેની ભાવના કરવી તે મિથ્યાત્વ સહિતનો રાગ છે.

દ્રવ્ય-ગુણ ત્રિકાળ એકરૂપ છે, તેમાં એકરૂપ રહેવું તે અનાદિ સંસારના નાશનું કારણ છે. શાસ્ત્રબોધકળાની વાત નથી. ચિદાનંદ આત્માનો નિરંતર અભ્યાસ તે સહજ બોધકળા છે, તેનો નિરંતર અભ્યાસ કરો ને સ્વરૂપાનંદી થઈ ભવોદધિને તરો.

કોઈના પ્રશ્નનો ઉત્તર દેતાં ન આવડે, વ્યાખ્યાન કરતાં ન આવડે તેની મહત્તા

**ઇન ચિન્તત સમસુખ જાગૈ, જિમિ જ્વલન પવનકે લાગૈ;**
**જબ હી જિય આતમ જાનૈ, તબહી જિય શિવસુખ ઠાનૈ. ૨.** —શ્રી છઢાળા

નથી. હજારોને સમજાવે તે સારા—એમ અજ્ઞાની માને છે, પણ તે યથાર્થ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેની પ્રતીતિ કરો.

દુનિયા ગણતરીમાં લ્યે કે ન લ્યે તેની મહત્તા નથી. તારી ગણતરી તારામાં કર.

આવો નરભવ સદા રહે નહીં. તારું સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે, તે તારું પદ સદાય રહેશે. તેની પ્રતીતિ, જ્ઞાન ને અનુભવ કરવા જેવાં છે. દુનિયાનું થવું હોય તે થાય, માટે તું તારું કર. સાક્ષાત્ મોક્ષસાધન એટલે કે અલ્પકાળમાં મોક્ષ થાય એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ દશા મનુષ્યમાં થાય છે. નારકી, દેવ ને તિર્યંચમાં એવી સાક્ષાત્ મોક્ષરૂપ દશા થતી નથી, માટે વારંવાર કહીએ છીએ કે પુણ્ય-પાપની કળા છોડી, ચિદાનંદની કળા ખીલવો.

કોઈકના આશીર્વાદથી આનંદ થશે, ઘણા સમજે તો કલ્યાણ થશે તે વાત ખોટી છે. જ્ઞાનાનંદમાં રહેવાનો નિરંતર યત્ન કરો. વેપારી વેપારમાં કંટાળો લાવે નહિ તેમ આમાં કંટાળો ન લાવો. જ્ઞાનાનંદની પ્રતીતિ કરવાનો યત્ન કરો. આવું વારંવાર કહેવું તો બાળક પણ ન કરાવે. બાળક વારંવાર આમ ન કરાવે. તું અનંત જ્ઞાનનો ધણી થઈ આવી ભૂલ કરે છે, તેથી અચરજ થાય છે.

અનાદિથી અજ્ઞાની વિકારનો અનુભવ કરે છે તે સંસારનું કારણ છે. ચિદાનંદ આત્માનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. કાં તો પુણ્ય-પાપનો અનુભવ કરે, કાં તો આનંદનો અનુભવ કરે, નરભવ સદાય રહેતો નથી. સાક્ષાત્ મોક્ષસાધનની જ્ઞાનકળામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. દેહની ક્રિયા, વ્રત-તપની ક્રિયા તે મોક્ષના સાધનની ક્રિયા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે સાક્ષાત્ મોક્ષસાધન છે. અહીં મનુષ્યપણાની વાત લેવી છે. મનુષ્યદેહ જડ છે. સંયોગી ચીજ છે. ભગવાન આત્માની પૂર્ણ પવિત્રદશા તે મોક્ષ છે. તેનું સાધન જ્ઞાનકળા છે. હું જ્ઞાનાનંદ છું, શરીર, મન, વાણીની ક્રિયા નહીં. પુણ્ય-પાપની ક્રિયા નહીં, હું તો જ્ઞાનાનંદ છું,—એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાને જ્ઞાનકળા કહે છે. તે મનુષ્યભવ સિવાય બીજે ન હોય. પુણ્ય-પાપ કે ધર્મ આત્માના પરિણામથી થાય છે. સિદ્ધદશાનું સાધન જ્ઞાનકળા છે. તિર્યંચ, નરક ને દેવમાં સાક્ષાત્ મોક્ષના સાધનરૂપ જ્ઞાનકળા નથી. ત્યાં સમ્યગ્દર્શન હોઈ શકે પણ મનુષ્યમાં સાક્ષાત્ મોક્ષ થાય. નિજબોધની કળાથી નિજસ્વરૂપમાં રહો. પુણ્યની ક્રિયાથી નિજસ્વરૂપમાં રહેવાતું નથી. ભગવાન નિત્યાનંદ સ્વરૂપના બોધ વડે નિજસ્વરૂપમાં રહેવાય છે.

(ક્રમશઃ) ❊

> જોબન ગૃહ ગો ધન નારી, હય ગય જન આજ્ઞાકારી;
> ઇન્દ્રિય-ભોગ છિન થાઈ, સુરધનુ ચપલા ચપલાઈ. ૩. —શ્રી છઢાળા

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા ભાગ-૩

### (૩૬) પ્રયોજનભૂત

આ રીતે છ દ્રવ્યનું સ્વરૂપ અનેક પ્રકારે વર્ણવ્યું. આ છ દ્રવ્યોમાં સમયે સમયે પરિણમન થાય છે. તેને 'પર્યાય' (હાલત, અવસ્થા, કન્ડીશન) કહેવાય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યોની પર્યાય તો સદાય શુદ્ધ જ છે. બાકીના જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યોમાં શુદ્ધપર્યાય હોય છે અને અશુદ્ધપર્યાય પણ હોઈ શકે છે.

જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યોમાંથી પણ પુદ્‌ગલ દ્રવ્યમાં જ્ઞાન નથી. તેનામાં જાણપણું નથી અને તેથી તેનામાં જ્ઞાનની ઉંધાઈરૂપ ભૂલ નથી. માટે પુદ્‌ગલને સુખ કે દુઃખ હોતાં નથી. સાચા જ્ઞાન વડે સુખ અને ઊંધા જ્ઞાન વડે દુઃખ થાય છે. પરંતુ પુદ્‌ગલ દ્રવ્યમાં જ્ઞાન ગુણ જ નથી તેથી તેને સુખ-દુઃખ નથી. તેનામાં સુખગુણ જ નથી. આમ હોવાથી પુદ્‌ગલ દ્રવ્યને તો અશુદ્ધદશા હો કે શુદ્ધદશા હો—બંને સમાન છે. શરીર પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા છે માટે શરીરમાં સુખ-દુઃખ થતાં નથી એ ધ્યાન રાખવું. શરીર નિરોગ હો કે રોગી હો તે સાથે સુખ-દુઃખનો સંબંધ નથી.

### (૩૭) હવે બાકી રહ્યો જાણનારો જીવ

છએ દ્રવ્યમાં એક જ દ્રવ્ય સામર્થ્યવાન છે. જીવમાં જ્ઞાનગુણ છે અને જ્ઞાનનું ફળ સુખ છે તેથી જીવમાં સુખગુણ પણ છે. એ સાચું જ્ઞાન કરે તો સુખ હોય, પરંતુ જીવ પોતાના જ્ઞાનસ્વભાવને ઓળખતો નથી અને જ્ઞાનથી જુદો અન્ય વસ્તુઓમાં સુખની કલ્પના કરે છે. આ તેના જ્ઞાનની ભૂલ છે અને તે ભૂલને લીધે જ જીવને દુઃખ છે, અજ્ઞાન તે જીવની અશુદ્ધ પર્યાય છે. જીવની અશુદ્ધ પર્યાય તે દુઃખ હોવાથી તે દશા ટાળીને સાચા જ્ઞાન વડે શુદ્ધ દશા કરવાનો ઉપાય સમજાવવામાં આવે છે. કેમકે બધા જ જીવો સુખ ઈચ્છે છે અને સુખ તો જીવની શુદ્ધદશામાં જ છે. માટે જે છ દ્રવ્યો જાણ્યા તેમાંના જીવ સિવાયના પાંચ દ્રવ્યોના ગુણ-પર્યાયો સાથે તો જીવને પ્રયોજન નથી પણ પોતાના ગુણ-પર્યાય સાથે જ જીવને પ્રયોજન છે.

**સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલે તે;**
**મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવૈ કોઈ. ૪.** –શ્રી છઢાળા

દરેક જીવ પોતાને સુખ ચાહે છે એટલે કે અશુદ્ધતા દૂર કરવા માગે છે. માત્ર શાસ્ત્રો વાંચીને પોતાને જ્ઞાની માને તે જ્ઞાની નથી, પણ પર દ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને પુણ્ય-પાપની ક્ષણિક અશુદ્ધ વૃત્તિઓથી જુદા સ્વરૂપે જે યથાર્થ જાણે તે જ જ્ઞાની છે. કોઈ પરવસ્તુ આત્માને લાભ-નુકસાન કરતી નથી, પોતાની અવસ્થામાં પોતાના જ્ઞાનની ભૂલથી જ દુઃખી છે અને પોતાના સ્વભાવની સમજણ વડે તે ભૂલ પોતે ટાળે તો દુઃખ ટળીને સુખ થાય છે. સાચી સમજણ વડે જેણે ભૂલ ટાળી તે સમ્યગ્દષ્ટિ જ્ઞાની સુખી ધર્માત્મા છે. તથા સાચી સમજણ પછી એ સમજણના જોરે કંઈક અંશે ટાળીને સ્વરૂપની એકાગ્રતાને ક્રમે ક્રમે સાધે તે શ્રાવક છે. વિશેષ રાગ ટાળી સર્વસંગપરિત્યાગી થઈ સ્વરૂપની રમણતામાં વારંવાર લીન થાય તે મુનિ-સાધુ છે, અને સંપૂર્ણ સ્વરૂપ સ્થિરતા કરી સંપૂર્ણ રાગ ટાળીને પૂર્ણ શુદ્ધદશા જેમણે પ્રગટ કરી તે સર્વજ્ઞદેવ કેવળી ભગવાન છે. તેમાં જે શરીર સહિત દશામાં વર્તે છે તે અરિહંતદેવ છે અને જેઓ શરીર રહિત છે તેઓ સિદ્ધભગવાન છે, તેમાંથી શ્રી અરિહંત પ્રભુએ દિવ્યધ્વનિમાં જે વસ્તુસ્વરૂપ દર્શાવ્યું છે તેને 'શ્રુત' કહેવાય છે.

આમાં અરિહંત અને સિદ્ધ તે દેવ છે, સાધક સંત મુનિ તે ગુરુ છે અને 'શ્રુત'નો ઉપદેશ તે શાસ્ત્ર છે. આ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થપણે ઓળખે તેને ગૃહીત મિથ્યાત્વરૂપ મહાભૂલ ટળે અને જો દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને જાણીને પોતાના આત્માના સ્વરૂપનો નિર્ણય કરે તો અનંત સંસારનું કારણ સૌથી મહાપાપરૂપ અગૃહીત મિથ્યાત્વ ટળે અને સમ્યગ્દર્શનરૂપ અપૂર્વ આત્મધર્મ પ્રગટે.

સત્‌દેવના સ્વરૂપમાં મોક્ષતત્ત્વનો સમાવેશ થાય છે. સંત-મુનિના સ્વરૂપમાં સંવર અને નિર્જરા તત્ત્વનો સમાવેશ થાય છે. જેવું સત્‌દેવનું સ્વરૂપ છે તેવું જ શુદ્ધ જીવ તત્ત્વનું સ્વરૂપ છે. અને કુદેવ-કુગુરુ-કુધર્મમાં અજીવ, આસ્રવ તથા બંધતત્ત્વોનો સમાવેશ થાય છે. અરિહંત-સિદ્ધ જેવું શુદ્ધ સ્વરૂપ તે જ જીવનો સ્વભાવ છે અને સ્વભાવ તે જ ધર્મ છે આ રીતે સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સાચી રીતે જાણતાં તેમાં સાત તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન પણ આવી જાય છે.

## (૩૮) જિજ્ઞાસુઓનું કર્તવ્ય

ઉપર કહેવામાં આવેલ તત્ત્વસ્વરૂપ જો રાગમિશ્રિત જ્ઞાનથી જાણે તો તેને ગૃહીત

**ચહુંગતિ દુખ જીવ ભરૈ હૈ, પરિવર્તન પંચ કરૈ હૈ;**
**સબવિધિ સંસાર અસારા, યામેં સુખ નાહિં લગારા. ૫.** —શ્રી છઢાળા

મિથ્યાત્વનું પાપ ટળે અને રાગ ટાળીને આત્માના લક્ષે જ્ઞાન કરીને નિર્ણય કરે તો સમ્યગ્જ્ઞાન થાય અને અગૃહીત મિથ્યાત્વનું સર્વોત્કૃષ્ટ પાપ ટળે. આ જ અપૂર્વ સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે. માટે જિજ્ઞાસુ જીવોએ પ્રથમ ભૂમિકાથી જ સાચી સમજણ વડે ગૃહીત અને અગૃહીત મિથ્યાત્વનો નાશ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો અને તેનો નાશ સાચા જ્ઞાન વડે જ થાય છે, માટે સત્સમાગમે સાચા જ્ઞાનનો નિરંતર અભ્યાસ કરવો આ જ ધર્મની પહેલી ભૂમિકાનું કર્તવ્ય છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

વિશેષ ખાસ મારી વસ્તુ છે. આકાશાદિ દ્રવ્યની જેમ હું ખાસ વિશેષ વસ્તુ છું. જેમ આકાશ આદિ પદાર્થ છે, દ્રવ્ય છે, સ્વતંત્ર વસ્તુ છે તેમ હું પણ ખાસ વિશેષ વસ્તુ છું. તેથી હવે હું પુણ્ય-પાપ આદિ સમસ્ત પરદ્રવ્યની નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચય રહેતો થકો, પરદ્રવ્યના નિમિત્તથી મારી પર્યાયમાં થતાં-સામાન્યરૂપ ચેતનમાં થતાં એમ નહીં પણ વિશેષરૂપ ચેતનમાં થતાં પુણ્ય-પાપરૂપ ચંચળ કલ્લોલ, તેમને અટકાવીને ચૈતન્યસ્વરૂપને અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં પુણ્ય-પાપભાવનો ક્ષય કરું છું. પહેલાં પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય કહ્યું, પછી પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થનારા પુણ્ય-પાપના ભાવો છે એમ કહ્યું ને પછી કહ્યું કે એ ઉત્પન્ન થવાનું કારણ પોતાનું અજ્ઞાન છે. એવા પુણ્ય-પાપના ભાવનો ક્ષય કરું છું—આવો નિર્ણય કર એમ કહે છે. સર્વજ્ઞદેવે જેવો આત્મા કહ્યો તેનો આ રીતે પહેલાં વિકલ્પથી નિર્ણય કરવો. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

પરમાત્મસ્વભાવ તે નિશ્ચય છે અને જેટલા ક્ષણિકભાવો છે તે બધાય વ્યવહાર છે. મોક્ષપર્યાય પણ વ્યવહાર છે ને પુણ્યપાપ વગેરે ભાવો પણ વ્યવહાર છે. અનાદિથી જીવે વ્યવહારની જ શ્રદ્ધા કરી છે, પણ પોતાના નિશ્ચયસ્વરૂપને માન્યું નથી, તેથી જ જીવ સંસારમાં રખડે છે. એ સંસારથી છૂટવાના અભિલાષી જીવોએ શું કરવું તે આચાર્યદેવ સમજાવે છે. ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાનઆનંદથી ભરચક છે, તે આત્મતત્ત્વને જેને મેળવવું છે—જેને પૂર્ણ પવિત્ર મોક્ષદશા પ્રગટ કરવી છે ને જન્મમરણનો અંત લાવવો છે એવા નિકટ ભવ્ય જીવને પોતાનું પરમાત્મસ્વરૂપ જ આદરણીય છે, એ સિવાય બીજી કોઈ વસ્તુ કે કોઈ ભાવો આદરણીય નથી. (ક્રમશઃ) ❊

# આત્માની ધગશ

જેને આત્માની ખરી ધગશ જાગે તે જીવની દશા કેવી હોય ? તે સમજાવતાં એકવાર ગુરુદેવે કહ્યું હતું કે : આત્માર્થીને સમ્યગ્દર્શન પહેલાં સ્વભાવ સમજવા માટે એટલો તીવ્ર રસ હોય કે જ્ઞાની પાસેથી સ્વભાવ સાંભળતાં જ તે ગ્રહણ થઈને અંદરમાં ઊતરી જાય... આત્મામાં પરિણમી જાય... 'અહો ! મારો આવો સ્વભાવ ગુરુએ બતાવ્યો' એમ ગુરુનો ઉપદેશ ઠેઠ આત્મામાં સ્પર્શી જાય.

જેમ કોરા ઘડા ઉપર પાણીનું ટીપું પડતાં જ તે ચૂસી લ્યે છે, અથવા ધગધગતા લોઢા ઉપર પાણીનું ટીપું પડતાં જ તે ચૂસી લ્યે છે, તેમ જેને તીવ્ર આત્મજિજ્ઞાસા જાગી છે... ને જે દુઃખથી અતિ સંતપ્ત છે એવા આત્માર્થી જીવને શ્રીગુરુ પાસેથી આત્મશાંતિનો ઉપદેશ મળતાં જ તે તેને ચૂસી લ્યે છે એટલે કે તરત જ તે ઉપદેશને પોતાના આત્મામાં પરિણમાવી દ્યે છે.

આત્માર્થીને સ્વભાવની જિજ્ઞાસા અને ઝંખના એવી ઉગ્ર હોય કે 'સ્વભાવ' સાંભળતાં તે હૃદયમાં સોંસરવટ ઉતરી જાય... અરે ! 'સ્વભાવ' કહીને જ્ઞાની શું બતાવવા માંગે છે ? એનું જ મારે ગ્રહણ કરવું છે—આમ રૂંવાટે રૂંવાટે સ્વભાવ પ્રત્યેનો ઉત્સાહ જાગે ને પરિણતિનો વેગ સ્વ તરફ વળે. એવો પુરુષાર્થ ઉપાડે કે સ્વભાવ પ્રાપ્ત કર્યે જ છૂટકો. સ્વભાવની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને ચેન ન પડે.

—આવી દશા થાય ત્યારે આત્માની ખરી ધગશ કહેવાય, ને એવી દશાવાળો જીવ અંતરપરિણતિમાં આત્માને પ્રાપ્ત કરીને જ જંપે; જ્યાં સુધી એવું અંતર પરિણમન ન થાય ત્યાં સુધી પોતાના આત્માર્થની કચાશ સમજીને, ખૂબ જ અંતરશોધ કરીને આત્માર્થની ઉગ્રતા કરે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—જીવ દ્રવ્ય બીજા દ્રવ્યો દ્વારા ઉપકૃત હોય છે–એમ શાસ્ત્રોમાં કથન આવે છે; કૃપા કરીને આ અભિપ્રાયનો ખુલાસો કરશોજી.**

ઉત્તર :—શાસ્ત્રોનાં લખાણમાં વ્યવહારના કથનમાં એમ આવે કે જીવને અન્ય દ્રવ્યો ઉપકાર કરે છે એટલે એનો અર્થ એ છે કે એક દ્રવ્યના કાર્યકાળે બીજા દ્રવ્યની પર્યાય નિમિત્ત માત્ર, ઉપસ્થિતિ માત્ર ધર્માસ્તિકાયવત્ છે. તે જ ઈષ્ટોપદેશમાં કહ્યું છે. સમયસાર ગાથા ત્રીજીમાં કહ્યું છે ને! કે એક દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને સ્પર્શે છે પણ બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી. એક દ્રવ્યની પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાયનો અત્યંત અભાવ છે તે બીજાને કરે શું?

**પ્રશ્ન :—દ્રવ્ય જ ઉપાદાન કારણ હોય શકે, પર્યાય નહિ એ માન્યતા બરાબર છે ?**

ઉત્તર :—પર્યાય ઉપાદાન કારણ ન હોય પણ દ્રવ્ય જ ઉપાદાન કારણ હોઈ શકે–એ માન્યતા બરાબર નથી. દ્રવ્યાર્થિકનયથી ઉપાદાન કારણ દ્રવ્ય છે એ વાત બરાબર છે, કેમ કે દરેક પર્યાય દ્રવ્ય અને ગુણનું જ પરિણમન છે. તે એટલું બતાવે છે કે આ પર્યાય આ દ્રવ્યની છે. દૃષ્ટાંત :—માટીમાં ઘડો થવાની સદા લાયકાત છે એમ બતાવવું તે દ્રવ્યાર્થિકનયે છે, એટલે કે માટીનો ઘડો માટીમાંથી જ થઈ શકે, બીજા દ્રવ્યમાંથી ન થઈ શકે. પણ પર્યાયાર્થિકનયે એટલે કે જ્યારે પર્યાયની યોગ્યતા બતાવવી હોય ત્યારે દરેક સમયની પર્યાયની યોગ્યતા તે ઉપાદાન કારણ છે અને તે પર્યાય પોતે કાર્ય છે. સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવે તો કારણ-કાર્ય એક જ સમયે હોય છે. (જુઓ તત્ત્વાર્થસાર મોક્ષ અધિકાર ગાથા ૩૫ તથા તેનો અર્થ પૃ. ૪૦૭) આનો અર્થ એવો છે કે દરેક સમયે દરેક દ્રવ્યમાં એક જ પર્યાય થવાની લાયકાત હોય છે, પણ તેની પહેલાંના સમયની કે પછીની પર્યાયમાં તે લાયકાત હોતી નથી. આ કથન પર્યાયાર્થિકનયે સમજવું.

**પ્રશ્ન :—ધર્મનું નિમિત્ત કોને હોય છે ?**

ઉત્તર :—અજ્ઞાનીને તો પોતામાં ધર્મભાવ જ પ્રગટ્યો નથી, એટલે તેને માટે ધર્મનું નિમિત્ત જ કોઈ નથી; કેમ કે કાર્ય થયા વગર નિમિત્ત કોનું? અજ્ઞાનીને પોતામાં

ધર્મરૂપી કાર્ય થયું નથી તેથી ધર્મના નિમિત્તોનો પણ તેને નિષેધ વર્તે છે. જ્ઞાનીને અંતરસ્વભાવના ભાન વડે પોતાના ભાવમાં ધર્મ પ્રગટ્યો છે એટલે તેને જ ધર્મના નિમિત્તો હોય છે; પણ તેની દૃષ્ટિમાં નિમિત્તોનો નિષેધ વર્તે છે ને સ્વભાવનો આદર વર્તે છે. આ રીતે નિમિત્તને લીધે ધર્મ થાય એમ જે માને છે તેને તો ધર્મના નિમિત્ત જ હોતા નથી અને જેને ધર્મનાં નિમિત્ત હોય છે એવા જ્ઞાની નિમિત્તને લીધે ધર્મને માનતા નથી.

**પ્રશ્ન :—આ પરમાગમમંદિર આદિને કોઈ જીવે કર્યા વિના એની મેળે થઈ ગયા છે તો જીવે કાંઈ કર્યું નથી?**

ઉત્તર :—પુદ્‌ગલો તો સ્વકાળે પરિણમીને પરમાગમમંદિર આદિ રૂપે થયા છે, જીવે તેમાં કાંઈ કર્યું નથી. જીવે પોતામાં શુભભાવ કર્યા હતા પણ તેનાથી થયું નથી. પરમાણુઓ સ્વતંત્રપણે કર્તા થઈને પરમાગમમંદિર આદિ કાર્યરૂપ થયા છે.

---

(અનુસંધાન પેજ નં. ૩ થી ચાલુ)

ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસતો હતો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે-ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટ પડી રહ્યો. આ ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમના નેત્રોમાં અશ્રુ ઊભરાયા અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવશ્રીએ પોતાના પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરી હતી.


વિ.સં ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭)માં જિનમંદિરનું વિસ્તૃતિકરણ

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ અર્ધો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમ પૂજ્ય ગુરુદેવ પણ હાજર રહેતા હતા. બપોરનું પ્રવચન સાંભળતાં સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠીને તુરતજ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—મુખ્યતા આત્માના સ્વભાવની હોય?

સમાધાન :—મુખ્યતા આત્માના સ્વભાવની હોવી જોઈએ. એકલી ક્ષણભંગુરતાનો વૈરાગ્ય આવે અને શાશ્વત આત્મા તરફનું ધ્યેય ન હોય તો તે માત્ર વૈરાગ્ય પૂરતું થાય. માટે શાશ્વત આત્માનું જ ધ્યેય હોવું જોઈએ. આત્મા શાશ્વત છે અને આ બધું ક્ષણિક છે, એટલે શાશ્વત આત્માને જ ગ્રહણ કરવો. આ બહારનું કાંઈ ગ્રહણ કરવા જેવું નથી. એ તો પરદ્રવ્ય છે ને તેમાં ફેરફાર થાય છે, પણ મારો આત્મા એકસરખો શાશ્વત રહેનારો છે—આમ તેને ગ્રહણ કરવો. પોતાના તરફનું—પોતાના અસ્તિત્વનું ગ્રહણ—જોર, ધ્યેય અંદરથી આવવું જોઈએ. જો તે આવે તો યથાર્થપણે ત્યાગ થાય. અંદરથી રાગ છૂટે ત્યારે સાચો વૈરાગ્ય આવે અને તે શાશ્વત આત્માના જોરપૂર્વક આવે છે.

પ્રશ્ન :—દ્રવ્યને અકારણ પારિણામિકભાવ કેવી રીતે કહ્યો છે?

સમાધાન :—દ્રવ્યને કોઈ કારણ લાગુ પડતું નથી, તે સ્વતઃસિદ્ધ છે. કોઈના કારણથી દ્રવ્ય પરિણમે એવું હોય તો દ્રવ્ય પરાધીન થઈ જાય. પણ તે તો અનાદિ-અનંત શાશ્વત સ્વતઃસિદ્ધ છે ને પોતાની મેળાએ પોતે પરિણમે છે. વિભાવમાં જનારો પણ પોતે અને સ્વભાવમાં જનારો પણ પોતે છે. કર્મ તો માત્ર નિમિત્ત છે. પોતે જ પરિણમે છે, બીજો કોઈ તેને પરિણમાવતો નથી. દ્રવ્ય સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત શુદ્ધ છે અને પોતાની પરિણતિમાં પોતાથી અશુદ્ધ થાય છે.

પ્રશ્ન :—દ્રવ્યને પર્યાયની પણ અપેક્ષા નથી શું?

સમાધાન :—દ્રવ્યને પર્યાયની અપેક્ષા નથી ને પર્યાયની પરિણતિ સ્વતઃ પરિણમે છે, છતાં પર્યાય અને દ્રવ્ય બંનેના તદ્દન કટકા નથી. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે, પણ બધું સ્વતઃ છે,—કોઈના કારણે કોઈ નથી. દ્રવ્ય પોતે જ પરિણમે છે, અને તેના મૂળ સ્વભાવમાં અશુદ્ધતા થતી નથી. દ્રવ્ય જુદું રહે અને પર્યાય જુદી પરિણમે એમ કટકા નથી. પર્યાય અંશ છે અને દ્રવ્ય અંશી છે તેવો ભેદ છે, પણ સર્વથા આ દ્રવ્યનો કટકો છે અને આ બીજો પર્યાયનો કટકો છે એમ નથી.

પ્રશ્ન :—આ બધું વિસ્તારથી જાણવું જોઈએ?

સમાધાન :—કોઈ વિસ્તારથી જાણે કે સંક્ષેપથી જાણે, (પ્રયોજનભૂત) જાણવાનું વચ્ચે આવે છે. આ પર અને આ સ્વ, આ વિભાવ અને આ સ્વભાવ એમ ભેદજ્ઞાન કરે છે તેમાં પણ એટલું જાણવાનું આવે છે. આ સ્વભાવ ને આ વિભાવ એમ ભેદજ્ઞાન કરીને સ્વને જાણે તેમાં વિશેષ ભેદ ન જાણે તો પણ હું એક અખંડ તત્ત્વ છું તેમ ભેગું આવી જાય છે. બાઈ દાળ અને ફોતરાં જુદા કરતી હતી તે જોતાં શિવભૂતિ મુનિ ગુરુનો આશય સમજી ગયા કે ગુરુને આમ કહેવું છે કે જેમ દાળ અને ફોતરાં જુદાં છે તેમ સ્વભાવ અને વિભાવ જુદાં છે. જ્ઞાનીઓ સ્વભાવ-વિભાવને જુદા પડાવીને એક સ્વભાવને બરાબર લક્ષમાં લેવરાવે છે અને એક સ્વભાવને લક્ષમાં લીધો તો તેમાં ગુણ–પર્યાયનું જ્ઞાન સાથે આવી જાય છે. 'આ જ્ઞાયક'—એમ સ્વભાવ ઓળખી લીધો તો આ જ્ઞાયક છે, તે આત્મા પરિણતિવાળો છે, સર્વથા કૂટસ્થ નથી; ગુણભેદ છે છતાં વસ્તુ અભેદ છે, કટકા નથી. એમ બધું જ્ઞાન સાથે આવી જાય છે. યથાર્થ રીતે જ્ઞાયકને લક્ષમાં લેનારો કોઈ પાત્ર હોય તો સંક્ષેપમાં જલદી સમજી જાય છે, વિશેષ ક્ષયોપશમ હોય તે સંક્ષેપથી સમજે; કોઈ વિચાર કરે ને દ્રવ્ય–ગુણ–પર્યાયને (વિસ્તારથી) જાણે. પણ અમુક પ્રકારે જાણે તો જ લક્ષમાં આવે છે.

પ્રશ્ન :—આગમનો અભ્યાસ હોય?

સમાધાન :—આગમનો અભ્યાસ હોય. બધું વચ્ચે આવે, પણ તેમાં આટલું જ જાણવું અને આટલો જ અભ્યાસ હોવો જોઈએ અથવા આગમનો અભ્યાસ વિશેષ હોય તો જ સમજાય એમ નથી. આગમમાં શું કહેવું છે એમ આગમનો–ગુરુનો આશય સમજે તો પણ અનુભવ થઈ શકે. આશય સમજે તેમાં દ્રવ્ય–ગુણ–પર્યાય, સ્વ-પર ભેદજ્ઞાનનું સ્વરૂપ વગેરે બધા જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. સંક્ષેપથી કે વિસ્તારથી બધું જ્ઞાન તેમાં આવી જાય છે.

પ્રશ્ન :—સમવસરણમાં જે અસંખ્યાત પ્રાણીઓ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે ભગવાનનો કહેવાનો મૂળભૂત હેતુ સમજી જતા હશે ને?

સમાધાન :—તેઓ ભગવાનનો આશય સમજી જાય છે. ભગવાનના સમવસરણમાં કેટલાક જીવો એકદમ સમજી જાય છે ને કોઈને સમજતાં વાર પણ લાગે છે. સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ છૂટતી હોય તે વખતે કેટલાક ક્ષણમાં સમ્યગ્દર્શન અને મુનિપણું આદિ બધું એકદમ પામે, જ્યારે કેટલાકને વાર પણ લાગે. ભગવાનની વાણીનું નિમિત્ત એવું પ્રબળ છે કે તે ઉપાદાન તૈયાર થવાનું એકદમ કારણ થાય છે. પણ પોતે તૈયાર થાય ત્યારે તે થાય. (પોતાનું ઉપાદાન તૈયાર હોય ત્યારે ભગવાનની વાણી નિમિત્ત થાય.)

## બાળ વિભાગ

# શ્રીકૃષ્ણનું મૃત્યુ

(હરિવંશ પુરાણનો એક વૈરાગ્ય પ્રસંગ) (ગતાંકથી આગળ)

(દ્વારિકા નગરીને બળતી છોડીને શ્રીકૃષ્ણ અને બળદેવ દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. રસ્તામાં કૌશાંબી નામનું મહાભયાનક વન આવે છે. શ્રીકૃષ્ણને તીવ્ર તરસ લાગતા બળદેવ પાણી લેવા જાય છે, આ બાજુ ત્રણખંડના પૃથ્વીપતિ આજે પૃથ્વી ઉપર આરામ કરી રહ્યા હતા એવામાં જરતકુમારે દૂરથી કોઈ પ્રાણી સમજીને બાણ છોડે છે અને શ્રીકૃષ્ણ એ બાણના ઘાતથી પીડિત થઈ રહ્યા છે....જરતકુમારને પાસે બોલાવે છે....)

શ્રીકૃષ્ણના પ્રેમપૂર્વક વચનો સાંભળી જરતકુમારનું ચિત્ત શાંત થયું અને તેમણે શ્રીકૃષ્ણને આ વનમાં આવવાનું કારણ પૂછ્યું.

ત્યારે શ્રીકૃષ્ણે દુઃખી થઈને કહ્યું–''હે ભાઈ ! દ્વારિકા નગરી તો બળી ગઈ, જે વૈરાગ્યવંત જીવો ત્યાગી થઈને ચાલ્યા ગયા, તે જ બચી શક્યા; બાકી બધા ભસ્મ થઈ ગયા.. સંપૂર્ણ યાદવકુળનો નાશ થઈ ગયો... માતા-પિતાને અમે ન બચાવી શક્યા. માત્ર અમે બે ભાઈ જ નીકળી શક્યા અને દક્ષિણ તરફ જતાં સમયે આ વનમાં આવ્યા...''

સંપૂર્ણ દ્વારિકા નગરી તથા સમસ્ત યાદવકુળનો નાશ સાંભળીને જરતકુમાર ખૂબ વિલાપ કરવા લાગ્યા... અરે ! ત્યાં સમસ્ત નગરીના યાદવો બળી ગયા ને ત્યાં સુધી કે માતા-પિતા પણ ભસ્મ થઈ ગયા અને આજ મારા હાથે તમારો ઘાત થયો. અરેરે ! હવે હું શું કરું ! મારા ચિત્તનું સમાધાન કેમ થશે ? ભાઈનો ઘાત થવાથી મારો મહાન અપયશ થયો, મેં મહા પાપ બાંધ્યું અને હું જ દુઃખી થયો... એમ કહીને તે ખૂબ જ વિલાપ કરવા લાગ્યો.

શ્રીકૃષ્ણે કહ્યું –''હે ભાઈ ! વિલાપ છોડો.... આ સંસારમાં બધા જ જીવ પોતાના કર્મ અનુસાર જીવન-મરણ, સંયોગ-વિયોગને પ્રાપ્ત કરે છે. બીજા કોઈ મિત્ર અથવા શત્રુ તેને સુખ-દુઃખ દેવાવાળું નથી.''

હે ભાઈ ! બળદેવ મારા માટે પાણી લેવા ગયા છે, તે અહીં આવે તે પહેલાં શીઘ્ર તમે અહીંથી ચાલ્યા જાઓ. જ્યારે તેઓ અહીં આવીને મારી આ હાલત જોશે, ત્યારે તેઓ ક્રોધિત થઈને તમને કદાચ મારી પણ નાખે, તો આપણો વંશ પણ રહેશે નહીં. આપણા વંશમાં તમે એકલા જ બચ્યા છો. માટે તમે શ્રાવક વ્રત ધારણ કરીને પાંડવો પાસે જાઓ, તેમને બધી વાત જણાવો. તે આપણા પરમ હિતેષી છે, જે આપણા કુળની રક્ષા માટે તમને રાજ્ય આપશે''. નિશાની માટે શ્રીકૃષ્ણે પોતાનો કૌસ્તુભમણિ આપતા

કહ્યું—"આ ચિહ્નથી પાંડવો તમારા ઉપર વિશ્વાસ કરીને તમારો આદર કરશે. આ મણિને છુપાવીને લઈ જજો"—આમ કહીને ક્ષમાપૂર્વક શ્રીકૃષ્ણે તેમને રવાના કર્યો.

જરતકુમારે પણ ક્ષમાભાવ ધારણ કર્યા... અને તેમના પગમાંથી બાણ સાવધાની પૂર્વક કાઢીને કહ્યું—"હે દેવ ! ક્ષમા કરો."—આમ કહીને ત્યાંથી તેઓ ચાલ્યા ગયા.

શ્રીકૃષ્ણને બાણ લાગવાને કારણે ભયંકર વેદના થઈ રહી હતી. પોતાનો અંતસમય જાણી તેમણે પોતાનું મુખ ઉત્તર દિશા તરફ કર્યું અને પલ્લવદેશમાં બિરાજમાન શ્રી નેમિનાથ જિનેન્દ્ર ભગવાનને યાદ કરીને નમસ્કાર કર્યા...યાદવ કુળના ઈશ્વર ભગવાન શ્રી નેમિનાથના અનંત ગુણોને યાદ કરીને વારંવાર નમસ્કાર કર્યા. પંચ-પરમેષ્ઠીનું સ્મરણ કર્યું. ત્રિકાળવર્તી તીર્થંકરો, સિદ્ધો, સાધુઓ અને જિનધર્મનું શરણ લઈને પૃથ્વીના નાથ પૃથ્વી ઉપર ઢળી પડ્યા.

તેઓ વિચાર કરવા લાગ્યા કે—"અરે મારા પુત્ર-પૌત્ર-સ્ત્રી-બંધુ-ગુરુજન આદિ દ્વારિકા ભસ્મ થવા પહેલા સંસારથી વિરક્ત થઈને જિનેન્દ્ર ભગવાનના માર્ગની આરાધના કરીને તપમાં લીન થયા—તેઓ ધન્ય છે અને અગ્નિનો ઉપદ્રવ થવા છતાં પણ હજારો રાણીઓ તથા પરિવાર પરમ સમાધિયોગને ધારણ કરીને દેહ છોડીને સ્વર્ગલોકમાં ગયા, પરંતુ અગ્નિના ઉપદ્રવથી કાયર થયા નહીં—તે બધા ધન્ય છે. અપ્રત્યાખ્યાન કષાયના કારણે હું શ્રાવક કે મુનિના વ્રત ન લઈ શક્યો પરંતુ કેવળ સમ્યક્ત્વ જ ધારણ કર્યું, તે મને સંસારસમુદ્ર તારવાને માટે હસ્તાવલંબનરૂપ છે. જિનમાર્ગમાં મારી શ્રદ્ધા અત્યંત દૃઢ છે."

ભાવી તીર્થંકર આવું શુભ ચિંતવન કરી રહ્યા હતા, પરંતુ અંતિમ સમયમાં પરિણામ કાંઈક સંક્લેશરૂપ થઈ ગયા.... અને દેહ છોડીને ત્રણ ખંડના નાથ મેઘાભૂમિ—પરલોકમાં ગયા. કૌશામ્બી વનથી તે પરભવ ચાલ્યા ગયા.

અરે ! તરસ છીપાવવા પાણી મંગાવ્યું.... પણ પાણી આવતાની પહેલા જ પ્રાણ છૂટી ગયા... અહા ! આ ક્ષણભંગુર સંસારમાં આવા મહાપુરુષોનું શરીર પણ સ્થિર નથી તો અન્યની તો શું વાત ?

રાજા રાણા છત્રપતિ, હાથિન કે અસવાર,
મરના સબકો એક દિન, અપની-અપની બાર.

અરે ! ક્યાં ત્રણ ખંડ પૃથ્વીનો રાજવૈભવ અને ક્યાં પાણી વગર નિર્જન વનમાં મૃત્યુ ! પુણ્યના સમયે સેવા કરવાવાળા હજારો દેવમાંથી કોઈ પણ આ તરસ્યાને પાણી પીવડાવવા ન આવ્યા. સંયોગનો શું ભરોસો !



થોડી વાર પછી બળભદ્ર પાણી લઈને આવ્યા ... આવીને જુએ છે તો શ્રીકૃષ્ણ નિશ્ચેતન થઈ સૂઈ રહ્યા છે... તીવ્ર પ્રેમને કારણે તેમને શ્રીકૃષ્ણના મૃત્યુની કલ્પના પણ ક્યાંથી થઈ શકે ?

તરસ્યા શ્રીકૃષ્ણનો જરતકુમારના બાણથી દેહવિલય થઈ ગયો. બળદેવ વ્યાકુળ થઈને કહે છે– "અરે કૃષ્ણ! તમે સૂઈ ગયા!! ઊઠો... ભાઈ ! હું પાણી લઈને આવી ગયો છું."

તેમણે તો એમ જ વિચાર્યું કે થાકને કારણે શ્રીકૃષ્ણને ઉંઘ આવી ગઈ છે, માટે શ્રીકૃષ્ણને જગાડવા માટે હલાવીને કહ્યું–



"ઉઠો.... ભાઈ ! હું તમારા માટે પાણી લઈને આવી ગયો છું."

પરંતુ કોણ ઉઠે ? કોણ બોલે ? ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ શ્રીકૃષ્ણ ન ઊઠ્યા તો બળદેવ તેમને ખભા ઉપર ઉંચકીને આગળ ચાલ્યા. શ્રીકૃષ્ણના વિયોગના છ મહિના સુધી બળદેવનું ચિત્ત ઘણું ઉદ્વેગપૂર્ણ રહ્યું. અંતમાં તેમના સારથી, જે મરીને સિદ્ધાર્થદેવ થયા હતા, તેમણે આવીને સંબોધન કર્યું–

"હે મહારાજ ! જેમ રેતીમાંથી તેલ નથી નીકળતું, પત્થર ઉપર ઘાસ ઉગતું નથી, મરેલ પશું ઘાસ ખાતું નથી તે જ પ્રમાણે મૃત્યુને પ્રાપ્ત મનુષ્ય ફરીથી સજીવ થતો નથી, તમે તો જ્ઞાની છો, માટે શ્રીકૃષ્ણના મોહને છોડો અને સંયમ ધારણ કરો."

સિદ્ધાર્થદેવના સંબોધનથી બળદેવનું ચિત્ત શાંત થયું. તેમણે સંસારથી વિરક્ત થઈ જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરી, આરાધનાપૂર્વક સમાધિ-મરણ કરીને સ્વર્ગમાં ગયા.

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના)<br>પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૮૦મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ *

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૮૦મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૧૦ તા. ૧૮-૨-૨૦૨૦, મંગળવારથી તા. ૨૫-૨-૨૦૨૦ ને મંગળવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

### * પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ *

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૮મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી વાંકાનેર દિગંબર સંઘ, વાંકાનેર દ્વારા ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ મહા વદ-૮, તા. ૧૬-૨-૨૦૨૦, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે. તો મંગલ અવસરે સર્વે મુમુક્ષુઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

*** શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૬મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, બુધવાર, તા. ૨૬-૨-૨૦૨૦ થી ૨-૩-૨૦૨૦ સોમવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

*** ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા** : ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨-૩-૨૦૨૦, સોમવારથી તા. ૯-૩-૨૦૨૦ સોમવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

*** શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : ફાગણ સુદ-૧૩, તા. ૭-૩-૨૦૨૦, શનિવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૭મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

# SMS સ્પર્ધા-૨૦૨૦

**સૌજન્યકર્તા : એક મુમુક્ષુ**

(૧) SMS સ્પર્ધા-૨૦૨૦માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ SMS સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૨૦ થી ૨૦-૧૨-૨૦૨૦

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૨૦ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.
A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૩૦૦ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૨૦ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૧૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત જે સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

(C) ૩૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
એક ઈનામ ૧૫૦૦/-

(૫) SMS સુવિધા WhatsAppમાં શરૂ કરાવવા માટે આપે પોતાનું

૧. નામ :______________________________ ૨. ગામનું નામ :________________

૩. ગુજરાતી/હિંદી :________________ ૪. મોબાઈલ નંબર : ____________________ ની

વિગત Whats Appથી Mo : 9276867578 / 9372136358 ઉપર મોકલવી.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9276867578 પર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

## ઓગણીસમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત ઓગણીસમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે શિબિરાર્થીઓ તા. ૨૫-૨૬ ડિસેમ્બર-૨૦૧૯ જામનગર, પોરબંદર, જૂનાગઢ તથા રાજકોટના દિગંબર મંદિરોના દર્શન કરી સોનગઢ પધાર્યા હતા. તા. ૨૭-૧૨-૨૦૧૯ના રોજ શિબિરનો પ્રારંભ શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં સૌજન્યકર્તા ગ્રાન્ડ રેપીડ મુમુક્ષુ મંડળ, **USA**ના ગણમાન્ય વ્યક્તિ દ્વારા મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર, ઈષ્ટોપદેશ તથા નાટક સમયસાર ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. રાત્રિમાં બાળકો દ્વારા પ્રસ્તુત કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ, ક્વીઝ આદિ મુમુક્ષુઓને ઘણા જ પસંદ આવ્યા હતા. આ શિબિરમાં ૧૫૦ બાળકો તથા અન્ય ૧૦૦ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરમાં **SMS** ની આવેલ નોટબુકમાંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા **SMS**ની પરીક્ષા લઈ તેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામો આપવામાં આવ્યા હતા. આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શિબિરના સૌજન્યનો લાભ શ્રી ગ્રાન્ડ રેપીડ મુમુક્ષુ મંડળ, **USA**ને મળ્યો હતો.

આ શિબિર પ્રસંગે મલાડમાં સ્ફટિકના શ્રી સીમંધરભગવાનના થવાવાળા વેદી પ્રતિષ્ઠાના મહોત્સવમાં પધારવાનું આમંત્રણ મલાડના અગ્રણીઓ દ્વારા આપવામાં આવ્યું હતું.

---

## વૈરાગ્ય સમાચાર :–

* રાજકોટ નિવાસી ભોગીલાલ જમનાદાસ સંઘવી (ઉ.વ. ૭૬) તા. ૧૯-૧૧-૨૦૧૯ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી અરવિંદકુમાર રતીલાલ સંઘવી (-તેઓ સ્વ. રતીલાલ માણેકચંદ સંઘવીના સૌથી નાના પુત્ર) (ઉ.વ. ૭૩)નું તા. ૨૭-૧૨-૨૦૧૯ના રોજ રાજકોટ મુકામે પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનું શ્રવણ કરતા દેહ પરિવર્તન કરેલ છે. તેઓ નિયમિત સ્વાધ્યાયમાં જતા હતા.
* વઢવાણ નિવાસી બિપીનભાઈ ચીમનલાલ શાહ (તેઓ વઢવાણ ભજનમંડળીના શ્રી રમેશભાઈના મામા) (ઉ.વ. ૭૧)નું તા. ૧૭-૧-૨૦૨૦ના રોજ સુરેન્દ્રનગર મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓ વઢવાણ ભજનમંડળીના સભ્ય હતા.

  સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૭૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ચાર પ્રકારે છે)

(૧) કષાય – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૨) ક્રોધ કષાય – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૩) ગતિ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૪) દેવ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૫) સંજ્ઞા – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૬) અનુયોગ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૭) નિક્ષેપ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૮) આરાધના – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૯) શિક્ષાવ્રત – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૦) દર્શન ઉપયોગ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૧) નિર્જરા – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૨) મંગલ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૩) ઉત્તમ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૪) શરણ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૫) ધ્યાન – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૬) દોષ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૭) સંઘ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૮) હિંસા – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૧૯) દસપ્રાણ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

(૨૦) ઘાતિ કર્મ – ૧.......... ૨.......... ૩.......... ૪..........

## (૭૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

તા. ૨૫-૨-૨૦૨૦ના રોજ શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, સોનગઢનો વાર્ષિક દિન હોવાથી નીચે આપેલ પ્રશ્નો જિનમંદિર સંબંધિત છે.

(૧) શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરની પ્રતિષ્ઠા ........... સુદ ........ના દિવસે થઈ હતી.

(૨) સીમંધર ભગવાનને લેવા માટે .................... તથા .................. આદિ મુમુક્ષુઓ સાથે ગયા હતા.

(૩) સીમંધર ભગવાનની જમણી બાજુ ............. ભગવાન અને ડાબી બાજુ ........... ભગવાન બિરાજમાન છે.

(૪) સીમંધર ભગવાનના મંદિરના ઉપરના ભાગમાં ............. ભગવાન બિરાજમાન છે.

(૫) સીમંધર ભગવાન જ્યારે સોનગઢમાં પધાર્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્નમાં ........... દેખાઈ હતી

(૬) સીમંધર જિનાલયનું નિર્માણ ........................ ..... પરિવારના સભ્યોએ કર્યું હતું.

(૭) સીમંધર ભગવાનના મંદિરને આજે ............. વર્ષ થઈ ગયા છે.

(૮) સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. .............ના ............ વારે થઈ હતી.

(૯) સીમંધર ભગવાનની પ્રતિમા જયપુરથી .................... માં લાવવામાં આવી હતી.

(૧૦) સીમંધર ભગવાનની પેટી પ્રથમ ......................માં ખોલવામાં આવી હતી.

(૧૧) સીમંધર ભગવાન આદિની અંકન્યાસ વિધિ .................ના હાથે થઈ હતી.

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રતિમાને જોઈને સાક્ષાત્ ................. નમસ્કાર કર્યા હતા.

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ ................. પ્રતિષ્ઠા પાઠ વાચીને પ્રતિમાના વિષયમાં જાણકારી પ્રાપ્ત કરી હતી.

(૧૪) સીમંધર ભગવાનની પ્રતિમા ............... નગરથી લાવવામાં આવી હતી.

(૧૫) સીમંધરાદિ ભગવાનની પ્રતિમા ........... ........... .............. મુખમુદ્રાવાળી છે.

(૧૬) ................. ના દિવસે આ પ્રતિમાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

(૧૭) બધી પ્રતિમાઓ ....................... ની એક રૂમમાં રાખવામાં આવી હતી.

(૧૮) સીમંધર જિનાલયમાં આજ સુધી રોજ ............ મિનિટ ભગવાનની ભક્તિ કરવામાં આવે છે.

(૧૯) પૂજ્ય ગુરુદેવશ્રી પૂર્વભવમાં પણ ............... ભગવાનની વાણી સાંભળવા જતા હતા.

(૨૦) સીમંધરાદિ ભગવંતોની પ્રતિષ્ઠા ............... ના કરકમળો દ્વારા કરવામાં આવી હતી.

## પ્રૌઢ માટેના પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૨૦ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧. ગૌતમસ્વામી | ૨. સુધર્માસ્વામી | ૩. જમ્બૂસ્વામી |
| (૨) | ૧. અંતરાત્મા | ૨. બહિરાત્મા | ૩. પરમાત્મા |
| (૩) | ૧. શુભ | ૨. અશુભ | ૩. શુદ્ધ |
| (૪) | ૧. ઉપશમ | ૨. ક્ષયોપશમ | ૩. ક્ષાયિક |
| (૫) | ૧. જીવત્વ | ૨. ભવ્યત્વ | ૩. અભવ્યત્વ |
| (૬) | ૧. ઉપપાદ | ૨. ગર્ભજ | ૩. સમ્મૂર્ચ્છન |
| (૭) | ૧. દેશવ્રત | ૨. દિગ્વ્રત | ૩. અનર્થદંડવ્રત |
| (૮) | ૧. વીતરાગી | ૨. સર્વજ્ઞ | ૩. હિતોપદેશી |
| (૯) | ૧. દેવમૂઢતા | ૨. ગુરુમૂઢતા | ૩. લોકમૂઢતા |
| (૧૦) | ૧. પીંછી | ૨. કમંડલ | ૩. શાસ્ત્ર |
| (૧૧) | ૧. કર્મચેતના | ૨. કર્મફલચેતના | ૩. જ્ઞાનચેતના |
| (૧૨) | ૧. મિથ્યાત્વ | ૨. મિશ્ર | ૩. સમ્યક્ત્વ |
| (૧૩) | ૧. દ્રવ્યકર્મ | ૨. ભાવકર્મ | ૩. નોકર્મ |
| (૧૪) | ૧. મન | ૨. વચન | ૩. કાય |
| (૧૫) | ૧. સંશય | ૨. વિપર્યય | ૩. અધ્યવસાન |
| (૧૬) | ૧. અતિવ્યાપ્તિ | ૨. અવ્યાપ્તિ | ૩. અસંભવ |
| (૧૭) | ૧. અધઃકરણ | ૨. અપૂર્વકરણ | ૩. અનિવૃત્તિકરણ |
| (૧૮) | ૧. નય | ૨. નિક્ષેપ | ૩. પ્રમાણ |
| (૧૯) | ૧. પીત | ૨. પદ્મ | ૩. શુક્લ |
| (૨૦) | ૧. કૃષ્ણ | ૨. નીલ | ૩. કાપોત |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૨૦ના ઉત્તર

(૧) અસંખ્યાત
(૨) નિશ્ચય-વ્યવહાર
(૩) ધર્મદ્રવ્ય
(૪) આકાશ
(૫) સંસારી–મુક્ત
(૬) તુંગીગિરિ
(૭) ઔદારિક
(૮) આકાશદ્રવ્ય
(૯) મનોવતી
(૧૦) ચંપાપુર
(૧૧) મોક્ષમાં
(૧૨) મોક્ષમાં
(૧૩) મનુષ્ય ગતિ
(૧૪) સ્વર્ગમાં
(૧૫) મોક્ષમાં
(૧૬) સ્વર્ગમાં
(૧૭) મોક્ષમાં
(૧૮) મોક્ષમાં
(૧૯) નરકમાં
(૨૦) સ્વર્ગમાં

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીસે કલાક એનું એ ચિંતન, ઘોલન, ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંતરમાં ઉતરી જાય છે એને પ્રતિકૂળતા નડતી જ નથી ને ? અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે ! મારે આમ છે ને તેમ છે–તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને ! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૩૯૪.


● અહો ! આ આત્મતત્ત્વ તો ગહન છે, એને આંખો મીંચીને બહારના પાંચે ઈન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો ! આ આત્મવસ્તુ અચિંત્ય છે. જ્ઞાયક....જ્ઞાયક... જ્ઞાયક જ છે—એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનથી બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે. તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. ૩૯૫.

● આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા ! એ શેઠે કે સીમાડે મેળ નથી. આહા ! આવો દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહા ભાગ્યે મળ્યો છે તેને મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે એવા સ્વભાવનો મહિમા આવે (ઓળખાણ થતાં) એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહીં. ૩૯૬.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૦
અંક-૬ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-2-2020
Posted on 1-2-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org